

# અધ્યાત્મ

વર્ષ : ૧૪ ફેબ્રુઆરી—૧૯૯૩ અંક : ૫

## * નિરાકાર સાધનામાં આત્મવિચાર *

નિર્ગુણ, નિરાકાર અથવા અવ્યક્તની ઉપાસના કરવા માટેની બીજી પદ્ધતિ આત્મવિચારની છે. ધ્યાનમાં બેઠેલો સાધક બીજા બધા જ બાહ્ય વિચારોને, ભાવોને, સંકલ્પ-વિકલ્પોને શાંત કરીને વિચારે છે કે મારું વાસ્તવિક સ્વરૂપ શું? હું કોણ છું? જે ચેતના કે સત્તાને લીધે મન મનન કરવાની શક્તિથી સંપન્ન બને છે, પ્રાણ સંચાર કરે છે, આંખ અવલોકે છે, કાન સાંભળે છે, વાણી બોલે છે, નાક સૂંઘે છે, હાથપગ હલનચલન કરે છે, શરીર સક્રિય બને છે ને જીવન જીવન બને છે તથા જે ચેતના કે સત્તાની ગેરહાજરીમાં એમાનું કશું જ થઇ શકતું નથી ને જીવન પર પડદો પડી જાય છે, જેને અજન્મા, અવિકારી, અપરિવર્તનશીલ, અવિનાશી કહે છે તે ચેતના, શક્તિ, સત્તા, આત્મા ક્યાં છે? એનું સ્વરૂપ કેવું છે? એવા વિચારોનો આધાર લઇને આગળ વધનારો સાધક છેવટે એવા નિર્ણય પર પહોંચે છે કે शिवोऽहम्, अहं ब्रह्मास्मि। હું કલ્યાણ સ્વરૂપ છું, પરમાત્મા સ્વરૂપ છું, પરમાત્માનો પ્રતિનિધિ છું. હું શરીર નથી, મન નથી, ઇન્દ્રિયો નથી, પ્રાણ નથી, બુદ્ધિ નથી. એ મારાં હોવા છતાં હું એમનાથી પર છું. અલગ છું. જ્ઞાન-સ્વરૂપ, સત્યસ્વરૂપ, આનંદસ્વરૂપ આત્મા છું. એવા આત્મવિચારનો આધાર લઇને છેવટે એનાથી પર થઇ જવાય છે. એ વખતે વિચાર શાન્ત બની જાય છે. એ અવસ્થામાં આત્માનો અપરોક્ષ અનુભવ સહજ બને છે.

યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૨-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦

વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઇ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર-૧


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૪ |
| અમૃત પળોનો આસ્વાદ–૫ | ગોરધનભાઇ કલોલા (કલ્યાણ) | ૧૧ |
| યોગી શતાબ્દી મહોત્સવ પ્રેરણાદાયી બન્યો | સાધુ પ્રીતમ પ્રસાદદાસ | ૨૨ |
| ઓડિયો–વિડીઓ કેસેટો | — | ૨૫ |
| જીવન ખોયું | દુર્લભજી ભક્ત–સ્યાદલા | ૨૬ |
| ખાલી કરો મકાન | કિસ્મત કુરેશી | ૨૭ |
| ગાંડિયોલના એક સાચા સંત શ્રી જેસીંગ બાવજી–(૨) | નારાયણ હ. જાની | ૨૮ |
| સર્વ ધર્મ સમભાવ | પ્રાગજી ડોસા | ૪૨ |
| એકાગ્રતા | કમલ સુથાર | ૪૮ |
| ભક્ત દામાજી | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૫૧ |
| જ્યારે વિધાતાએ દીકરી સરજી | મકરંદ દવે | ૫૯ |
| ૧૮ માર્ચની શિબિર ના યોજવા નિર્ણય | — | ૬૦ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |


## * આભારી છીએ *


પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી અને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીમાં શ્રદ્ધાભક્તિ ધરાવતાં અમેરિકાનાં ભાઇબહેનોને, ટોરેન્ટો(કેનેડા)ના મહાત્મા યોગેશ્વર ધ્યાનની જેમ અધ્યાત્મ માસિકને મદદરૂપ થવાની ભાવના થઇ. તેઓની આ ભાવનાને પ. પૂ. મા–પ્રભુના પ્રેમી ભક્ત શ્રી વિનોદભાઇ પટેલ તેમ જ શ્રી ધનસુખલાલ એસ. ભક્તે દોરવણી આપી ખૂબ પ્રશસ્ય કામ કર્યું છે. એ રીતે અધ્યાત્મ માસિકના ફેબ્રુ. ૧૯૯૩ ના અંકના પ્રકાશનનો બધો જ ખર્ચ તેઓ તરફથી આપવામાં આવી રહ્યો છે. તે બદલ તેઓ સહુના અમે આભારી છીએ.

– તંત્રી (અધ્યાત્મ)

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૪ ફેબ્રુઆરી—૧૯૯૩ અંક : ૫


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૬–૨–૮૧, શુક્રવાર, મહા સુદ બીજ, ૨૦૩૭**
**સ્થળ : 'શિવમ્', શક્તિવિજય પ્લોટ, શેરી નં. ૧૧, મોરબી.**

નિયમ મુજબ જ પૂ. શ્રી બધાં કાર્યો કરે છે રાત્રે નિયમિત જપ, સવારે નિયમિત વ્યાયામ, લેખન અને એ જ રીતે નિયમિત ૧૧—૩૦ વાગે પૂ. શ્રી બહાર વરંડામાં મુલાકાત માટે પધારે છે.

**પ્રશ્ન :** શિવજીને ભાંગ ચઢાવે તે યોગ્ય છે? તે ભાંગ પ્રસાદ તરીકે તે લે છે?

**પૂ. શ્રી :** અર્પણ કરે પણ આરોગે તો ભક્ત જ ને! એટલે પ્રસાદને નામે તે બધું ચલાવે છે.

**પ્રશ્ન :** તમે પ્રાર્થના કેવી રીતે સાંભળો? બધી જ સાંભળો?



**પૂ. શ્રી :** ભગવાનને સંભળાય. ખરા હૃદયની હોય ને જવાબ આપવો હોય તો આપે. પ્રાર્થના બધી જ સાંભળે પણ યોગ્ય હોય તેનો જ જવાબ આપે. જવાબ આપવા તે બંધાયેલો નથી.

**પ્રશ્ન :** ભક્ત કોને કહેવાય?

**પૂ. શ્રી :** ભગવાનને ભજે તે ભક્ત. વિષયોને ભજવું નહીં. ભગવાનને ભજવાથી જ આપોઆપ તે ગુણો આવી જાય. વાણી, મન—પવિત્ર બને. ભજવાની ભાવનાથી એ બધું થઇ જાય. ભજવા માટે વહેલા ઉઠો. ભજવાથી દ્વેષભાવ ઓછો થાય. ઝાડ નીચે બેઠા એટલે છાયા, ડાળ, પાંદડા, ફળ પણ આપોઆપ જ મળે. તે બધા જ લાભો અહીંથી મળે. શરીર, મન, વાણીથી ભજો. ભગવાનના સ્વરૂપોની શરીરથી સેવા, વાણીથી નામસંકીર્તન કરો, ગદ્ગદ્ભાવે નામ જપો. તે વાણીનું ભજન. આંખથી સંતદર્શન, દેવદર્શન તે આંખથી ભજો.

**પ્રશ્ન :** બાધા રાખી હોય તે વસ્તુ પ્રસાદમાં મળે તો શું કરવું?

**પૂ. શ્રી :** શાસ્ત્રો કહે છે પ્રસાદનો અનાદર ન કરવો. પ્રસાદ લઇ લેવો. અગિયારસ હોય તો બારસને દિવસે લો, અથવા જે બાળકોને ન મળ્યો હોય તેને આપી દો. લીધા પછી તમારે શું કરવું તે તમારે નક્કી કરવાનું છે. પ્રસાદના અપમાનથી પરિણામ ખોટું પણ આવે.

**પ્રશ્ન :** જીવ ભગવાનનો અંશ છે છતાં કેમ માયામાં લપેટાય છે?

**પૂ. શ્રી :** જીવ પોતે શક્તિમાન છે એ ભૂલી જાય છે. એને યાદ કરાવો, ભાન કરાવો, તું કોણ? પણ તેને સમજાશે. એના ગૌરવનું ભાન કરાવો. તરત જ યાદ આવશે. જીવને ફટકાર કર્યા

કરો. આપણે જ આપણા જીવને ફટકાર કરી કહો તું દીનહીન કંગાળ બનીને શું બેઠો છે? તું કોણ છે તે તો વિચાર. જેનાથી મોહ થયો તેનું કારણ શોધો. અજ્ઞાનથી મોહ થયો તો જ્ઞાનથી તે મટે. સ્વરૂપનું જ્ઞાન આપો.

**પ્રશ્ન :** માણસના મૃત્યુ પછી આત્મા ક્યાં જાય? પુનર્જન્મ થાય?

**પૂ. શ્રી :** આત્મા ક્યાં જાય તે યોગીઓ, ભક્તો જાણી શકે. કર્મનાં ફળ ને વાસના પૂરી કરવા જન્મ લેવો જ પડે.

(બીજા પણ થોડા પ્રશ્નો હતા તેની વિસ્તૃત ચર્ચામાં રાષ્ટ્રીય ભાવનાની વાત થઇ)

**એક બાળક :** આપણે ધ્યાનમાં બેસીએ ત્યારે બધી માયાની જ વસ્તુઓ દેખાયાં કરે.

**પૂ. શ્રી :** તે દેખાય જ ને હજારો જન્મોથી એ વાત આપણે જોતા આવ્યા છીએ. એટલે એવું જ થાય.

પાડો જોયો છે? હા. ઝાડ નીચે બેઠેલા પાડાને તમે જુઓ. પાડો પોતે ખાધેલો ખોરાક જ વાગોળ્યાં કરતો હોય છે, તેમ મન પણ પાડા જેવું છે. પાડો જેમ ખાધેલું વાગોળ્યાં કરે તેમ મન અનેક જન્મોનુ જાણેલું, સાંભળેલું, અનુભવેલું વાગોળ્યા કરે. તો સારા વિચારો મનમાં વાવીએ જેથી આપોઆપ ખરાબ વિચારો ચાલ્યા જાય.

પ્રશ્નોત્તરીમાં આનંદ આવે છે. સમય થતાં સૌ વિદાય થાય છે. ભોજન, આરામ, લેખનને પ્રવચનની પ્રવૃત્તિ નિયમિત ચાલી રહી છે. સાંજે પણ અલ્પાહાર બાદ આરામ.



**તા. ૭-૨-૮૧, શનિવાર, મહા સુદ ત્રીજ, ૨૦૩૭**
**સ્થળ : મોરબી.**

સમય થતાં દ્વાર ખૂલે છે. સમયસર ભાવિકો અહીં ઉતારા પર આવી જાય છે. ઠંડીનો ચમકારો હોવાથી પૂ. શ્રી સૌને બહાર બેસવાની વ્યવસ્થા કરવા સૂચન કરે છે. સૌ ભક્તો શાંતિપૂર્વક બેઠા છે. પૂ. શ્રી પણ શાંતિપૂર્વક બેઠા છે.

**પ્રશ્ન :** કોઇના વતી દર્શન-વંદન થાય?

**પૂ. શ્રી :** દેવમંદિર કે સંતના દર્શન કોઇના વતી કરાય તે શિષ્ટાચાર વિરુદ્ધ છે. તેઓને સ્પષ્ટ કહી દેવું કે તમારાથી દર્શન થાય, સમય હોય તો જાઓ. દરેકે પોતે જ કરવાનું છે. તેનું ફળ તેને જ મળે છે. કેટલીક વાતોમાં 'વતી' નહીં ચાલે. ફોજદારી કેસોમાં 'વતી'નું નથી ચાલતું. ભોજનમાં પણ 'વતી' ન ચાલે. જે જીવ ઇચ્છે કે મારું નામ ભગવાનને ત્યાં પહોંચે તો તેમણે જ ભજવું જરૂરી છે. 'વતી'ની ઇચ્છા ઘણીવાર પોતાને રસ નથી હોતો એટલે સોંપે છે.

**પ્રશ્ન :** આત્મા સર્વત્ર વ્યાપક છે છતાં અનુભવ સરખો કેમ નથી થતો?

**પૂ. શ્રી :** સૂર્ય સર્વત્ર વ્યાપક છે છતાં (ઘુવડ જેવા) ઘણાંને તે દેખાતો નથી જેનામાં અવિદ્યારૂપી આવરણ છે તેને તે પ્રકાશ દેખાતો નથી. શમ, દમ, સાધનથી, કૃપાથી, સદ્‌ગુરુના ઉપદેશથી એ પડદો હઠેલો જોઇ શકે છે. પૂર્ણપણે પડદો હઠયો હોય તેને સતત અનુભવ થયાં કરે છે. બહુ જન્મોને અંતે પડદો હઠે. હજારો લોકો જીવે છે-જેને સત્સંગ, શાસ્ત્રમાં રસ નથી. ખાવું, પીવું ને મઝા કરવી. એમાંથી કોઇકને થપ્પડ લાગી જાય, તો

જાગે. પછી સંતનું શરણું લે. મારગ લે. શરીર પડે તો બીજા જન્મે ફરી પડાવ નાંખે. વૈરાગ્ય મંદ હોય એટલે ઘણા જન્મે પૂર્ણપણે પડદો હઠે. કોઇક જન્મ પછી એવો આવે. નાનપણથી જ જાગી જવાય. પ્રહ્‌લાદ, ધ્રુવ, મીરાં, શબરી, દયાનંદ, ગાંધીજી વિ. એકવાર પડદો હઠયો પછી વાંધો નહીં. લોખંડમાંથી સોનું થાય પછી સોનું ગમે ત્યાં રહે તેને વાંધો નહીં.

**પ્રશ્ન** : જાણીને અને જાણ્યા વિના ભૂલ કરે તો ફળ ભોગવવામાં ફેર પડે?

**પૂ. શ્રી** : જાણીને કરે તેનો વધારે દોષ લાગે છે. ફળ તો બંને પ્રકારની ભૂલોના ભોગવવાં પડે છે.

**પ્રશ્ન** : કોઇના વિચારો ઉંચા હોય પણ આચાર શ્રેષ્ઠ ન હોય તો?

**પૂ. શ્રી** : જેનો શોક નથી કરવાનો તેનો શોક કરે. વાણી પંડિત જેવી બોલે છે. પંડિતો જન્મમરણનો શોક કરતા નથી. મન વચન કાયાથી અમૃતમય, કટુતા નહીં, ત્રણેય ભુવનને ઉપકારોથી ઢાંકી દે છે. બીજાના ગુણને મોટા કરી જુએ તે પ્રકારના સંતો ક્યાંક ક્યાંક છે. માનવ માત્ર એવા સંત થઇ શકે. સંકલ્પ કરો પ્રયત્નો કરો. તમારા વિચારો સારા છે. તો તમે સહેલાઇથી કરી શકો. વિચાર એ આચારનો પાયો છે. વિચાર પાકો થાય એટલે આચાર સરળ બને. તેથી શંકરાચાર્યે કહ્યું કે વિચારને પાકો કરવાની જરૂર છે. સદ્‌વિચાર મજબૂત કરો. પછી સદાચાર.

**પ્રશ્ન** : આત્મસાક્ષાત્કાર થાય પછી કર્મો રહે છે?

**પૂ. શ્રી** : આત્મસાક્ષાત્કાર કરવા કે શાંતિ માટે પછી સાધનાનું કામ રહેતું નથી. આત્મસાક્ષાત્કારથી શાંતિ મળી જાય છે. એને



કરવા યોગ્ય કાર્યો રહેતાં નથી. પોતાની શાંતિ, સુખાકારી, પૂર્ણતા માટે કાર્ય ન રહ્યું. પણ બીજાને માટે કાર્ય બાકી રહે છે. ઇશુ, બુદ્ધ, કૃષ્ણને કોઇ કામ નહતું. પણ બીજા માટે કાર્ય બાકી રહે તે કાર્ય બંધનકારક નથી. લોકસંગ્રહાર્થે કર્મ રહે છે.

**પ્રશ્ન** : મોક્ષના કેટલા પ્રકાર?

**પૂ. શ્રી** : એક જ પ્રકાર, મોહમાંથી મુક્તિ. સિદ્ધિનો, સ્વર્ગનો મોહ તેમાંથી મુક્તિ એટલે મોક્ષ. એક જ પરમાત્મ તત્ત્વને જોશે તો મોહ નહીં રહે. જ્ઞાનરૂપી સૂર્યથી મોહનો અંધકાર દૂર થાય. મોહ દૂર થાય એટલે રાગદ્વેષ કામક્રોધમાંથી મુક્તિ. મુક્તિના કોઇ પ્રકારો નથી. કેટલાકને પ્રકારો પાડવાનો શોખ છે. વેદાંતીઓએ બે પ્રકારો પાડયા છે :

૧. જીવન મુક્તિ ૨. વિદેહ મુક્તિ.

વૈષ્ણવોએ ચાર પ્રકારો પાડયા છે :

૧. સાયુજ્ય ૨. સામિપ્ય ૩. સારૂપ્ય ૪. સાલોક્ય. ખરી રીતે ભક્તને જીવતાં જ બધી મુક્તિ મળે. 'મુક્તિઃ ભક્ત સર્વત્ર.' એમ કહેવાયું છે.

ભગવાનના લોકમાં જ વસે સાલોક્ય મુક્તિ. એ રીતે ભક્તને મળે. ભગવાનની સમીપમાં ભગવાન સાથે જોડાયેલા ભગવાનના જેવું જ રૂપ ધારણ કરે છે આમ સામિપ્ય, સારૂપ્ય, સાયુજ્ય એમ બધી જ મુક્તિ ભક્તને મળી જાય છે. ભગવાન કેવા તો ભક્તને જુઓ, પવિત્રતા, મધુરતા એ બધા ગુણોમાં ભક્ત ને ભગવાનમાં ફેર નથી. એક જ કંપની ભક્તિની—એમાં બે માલ ભક્ત ને ભગવાન.

**પ્રશ્ન** : જન્મોજન્મ એક જ ગુરુદેવ મેળવવા શું કરવું?

પૂ. શ્રી : એવી જીવનભર ભાવના રાખો ને પ્રાર્થના કરો. ગુરુદેવ મને ન છોડશો. મેળામાં બાળક જેમ હાથ પકડીને છૂટી જાય ચકડોળ જોવા જાવ તો હે ગુરુ! મને ટપલી મારીને ફરી પકડી લેજો. કૃપા કરીને તમે મને ન છોડતા, એવી પ્રાર્થના કરો તો તમને તે જ ગુરુની, પ્રભુની ભક્તિ પણ મળે. બીજા જન્મે સંસારના સગા મળે એવી પ્રાર્થના ના કરશો. ગુરુની ભક્તિની, જ્ઞાનની પ્રાપ્તિ માટેની, ભગવાન એવી વાતો આપણી પ્રાર્થનાથી મંજૂર રાખે છે.

દિક્ષાગુરુ એક, શિક્ષાગુરુ અનેક થાય. ગુરુ જન્મોજન્મ એક જ આપો એવી પ્રાર્થના કરો એના કરતાં હે પ્રભુ! મને ગુરુ બનાવો. મારી જાતનો ગુરુ તો બનાવો જ, પણ બીજાને પણ માર્ગ ધરી શકું એવો ગુરુ બનાવો.

**પ્રશ્ન** : ગુરુની કૃપા મેળવવા શું કરવું?

**પૂ. શ્રી** : ગુરુની કૃપા માટે અરજી તો કરવી જ પડે. જપ, પવિત્રતા વધે તો કૃપા થાય ને વર્ષા થાય. થોડી તૈયારી કરવી પડે. ઉંધા કામ કરે તો કૃપા ક્યાંથી થાય? સારા બનો. સારાં કામ કરો. આખા ધર્મની આ બે જ વાતો છે. એ વાતો જીવનમાં વણો તો કૃપા વરસવી શરૂ થશે.

એક ભાઇ કહે છે, કલાક તો ઓછો પડે છે. આ વાતો બે કલાક ચાલે તો સારું. તો પૂ. શ્રી કહે : જુઓ અહીં જે વાત થાય છે તે વાતોને આખો વખત વાગોળવી. તમારા સંસ્કારો સારા છે. જેથી તમે આવું બોલી શકો છો.

સમય થતાં સૌ વિદાય થાય છે. પછી ભોજન–આરામ–પ્રવચન અને અલ્પાહાર થાય છે. ત્યારબાદ આરામ. ( ક્રમશઃ )



# અમૃત પળોનો આસ્વાદ–૫

ગોરધનભાઇ કલોલા (કલ્યાણ)

પૂ. મા બેંગલોર જવા માટે મુંબઇ એરોડ્રામ પર આવી ગયાં છે, પરંતુ બેંગલોર શા માટે? શું બેંગલોર કોઇ પ્રસિદ્ધ તીર્થ કો યાત્રાધામ છે? તીર્થધામોની યાત્રા ભાવિક ભક્તો કરતા હોય છે, પરંતુ કોઇ એવું તીર્થસ્થાન ખરું કે જ્યાં પ્રભુને દોડી આવવાની તાલાવેલી લાગી જાય? હા, પ્રભુ માટે એવું કોઇ તીર્થ હોય તો તે છે ભક્તનું પવિત્ર ભાવ ભરેલું દિલ! પ્રભુનું એજ મંદિર, એજ યાત્રાધામ! પૂ. મા આજે પોતાના તીર્થસ્વરૂપ ભક્તરાજને મળવા તત્પર થયાં છે. પૂ. મા માટે બેંગલોર જવાનું મહત્ત્વ હોય તો તે છે આ ભક્તતીર્થનાં દર્શન માટે!

એરોડ્રામથી વિમાન તરફ પૂ. માએ પગ ઉપાડયા છે. પરંતુ એ શ્રી ચરણોની ચાલમાં તત્પરતા છે, ઉત્સાહ છે. અંતરની આતુરતા નયનોમાં આવીને વસી ગઇ છે. નયનોમાં એ ભક્ત મિલનના ભાવો ઉભરાયા કરે છે. માતૃવાત્સલ્ય તો એ શ્રી-વિગ્રહના આણુએ આણુમાંથી ઉમટી પડયું છે. બહારથી ભલે પૂ. મા સ્વસ્થ અને શાંત દેખાતાં હોય પરંતુ અંદરથી તો મુંબઇ એરોડ્રામ ઉપર હોવા છતાં, બેંગલોર કલ્પુ પાસે ક્યારનાં પહોંચી ગયાં છે, વિમાનની સીડી ચડતાં પૂ. મા એ ભાવને છુપાવી શક્યાં નથી, બોલ્યાં "કલ્પુ હવે મિનિટો ગણતી હશે."

આ 'કલ્પુ' તે કોણ? કંઇ કેટલાંયે પૂ. માને જગદંબા સ્વરૂપે ભજે છે, આરાધે છે, કલ્પુ પણ આવી સરળ, સાલસ, પ્રેમભીનું

હૃદય ધરાવતી પૂ. માની ભક્ત છે. ભક્ત અને ભગવાન શબ્દોમાં ક્યાં સમાય છે? ઓળખાણ કઇ પેરે આપવી? કલ્પુ માટે તો કલ્પના ઓછી પડે છે! છતાં આપણા માટે આ શબ્દયાત્રાના સહારા વિના બીજો કોઇ આરો નથી.

કલ્પુની પૂ. મા પ્રત્યેની જે વિરલ એકાત્મકતા છે, જે ભક્તિ-ભીની અભિવ્યક્તિ છે, ગૂઢ આકર્ષણમાંથી નીપજતી જે વિરલ સંવેદના છે, એ વ્યક્તિત્વમાંથી નિખરતી જન્મજાત સંસ્કારોની જે ભાવગરીમાની સુગંધ છે, તે ખરેખર અનુપમ છે, તેને નહીં વર્ણવી શકાય. આ દિવ્ય પ્રેમરસાયણના સંયોજનમાંથી કલ્પુને એક વિરલ વ્યક્તિત્વ સાંપડયું છે. પૂ. માના ઈશ મહિમાને સમજવાની જે સૂઝ અને સમજદારી તેમાં પ્રકટી છે, તે તેના આ સ્વભાવ રસાયણને આભારી છે.

ભગવાન અને ભક્ત, ગુરુ અને શિષ્ય કે દિવ્યમાતા અને બાળક વચ્ચે જે દિવ્ય સંબંધ છે. તેનો પાર પામવો મુશ્કેલ છે. પૂ. માને સમજવામાં કલ્પુએ જે સૂઝ અને સમજદારી બતાવી છે તેનો તો એક અનોખો ઈતિહાસ છે. એ ઐતિહાસિક બનાવોને ઘણાએ જોયા છે, જાણ્યા છે અને અનુભવ્યા છે. એ ઈતિહાસ રચવામાં કલ્પુએ પોતાના વ્યક્તિત્વને મીટાવ્યું છે. કલ્પુનું અસ્તિત્વ જાણે પૂ. મામાં વિલીન થઇ ગયું છે. પૂ. મા જે વિરલ આધ્યાત્મિક ઈતિહાસ રચી રહ્યાં છે તે ઈતિહાસના પાનાઓમાં કલ્પુ ઓતપ્રોત થઇ ગઇ છે.

પૂ. માની જીવનસાધના કોટિ ઉપાયે પણ નહીં સમજાય! એ સાધનારત જીવનને સમજવાની જે સમજદારી કલ્પુએ દાખવી છે તે ગૌરવપ્રદ છે. પૂ. શ્રીની ભૌતિક વિદાય પછી પૂ. માના



સાધનામય જીવનના જે પ્રવાહો પલટાયા તે એ આધ્યાત્મિક ઈતિહાસમાં વિરલ સિમાચિહ્નરૂપ બની ગયા છે. જે ગુરુહરિના શ્રી ચરણોમાં જીવન સમર્પિત થયું હતું, તેમની અચાનક ભૌતિક વિદાયે જે જીવન ઝંઝાવાત સર્જાયો તેને લીધે પૂ. માના જીવન-માંથી ઊંઘ, આરામ, ભૂખ અને તરસે જાણે વિદાય લઇ લીધી! પૂ. માનું જીવન, એ જીવન સામે ઊભા થયેલા પ્રશ્નાર્થનો જવાબ શોધવામાં શરીરને જાણે વિસરી ગયું! એ કપરા સમયે, એ પ્રશ્નાર્થના જવાબમાં કલ્પુ પૂ. માના જીવનમાં પ્રવેશી!

કલ્પુ એ વિકટ સમયે પૂ. માના વેદનામય જીવનમાં જે સમરસતાથી ભળી ગઇ તેથી તેમાં પૂ. માને પૂ. શ્રીના કૃપાસ્વરૂપનું દર્શન થયું. કલ્પુનું વ્યક્તિત્વ જ પૂ. માને પ્રસન્નતાથી ભરી દેતું! શરૂઆતથી જ પૂ. માનું જીવન તપસ્વી રહ્યું છે. પાણી ઉપરના ને દૂધ ઉપરના ઉપવાસોની પરંપરા વચ્ચે ભાગ્યે જ અન્નદેવતાને એ બ્રહ્મરૂપ જઠરાગ્નિને પોષવાની તક મળી છે. તેમાંએ પૂ. શ્રીની ભૌતિક વિદાય સાથે જ અન્નપૂર્ણાદેવીએ જાણે કઠોર કૃપા કરી! અન્ન અને ઉદરને તે દિવસથી છેટુ પડી ગયું, તેને આજે નવ નવ વર્ષનાં વહાણાં વાઇ ગયાં છે. અન્ન સહજ છૂટી ગયું પરંતુ એ શરીરના પોષણનું શું!

પૂ. મા ઉદર પોષણાર્થે કંઇક લે તે માટે તેમના મનને નિમ્નભૂમિકાએ લાવવું ભારે કઠણ કામ હતું! કલ્પુએ આ કપરી ફરજને પ્રેમભક્તિનું સ્વરૂપ આપી નમ્રભાવે બજાવી. એકાદ કપ સંતરાનો રસ લઇને કલ્પુ પૂ. મા પાસે જાય, બાળભાવે હસતાં હસતાં કહે "મા, ચાલો દવા પીલો." પૂ. મા કહે "દવા?" કલ્પુ કહે "હા, મા તમે દવા જેટલું તો માંડ લો છો" પૂ. મા એકાદ ઘૂંટ ભરી પાછો આપે તો ફરીથી કલ્પુ કહે "મા, દવા તો પુરી લેવી

પડે નહીંતર એની અસર ના થાય." કલ્પુના આ ગાંડીવવાર સામે પૂ. માના હાથ હેઠા પડે, હસી ઉઠે. કલ્પુનું આ પ્રેમાળ, મુલાયમ હાસ્ય ઔષધ પૂ. માના વેદનાના તીરને માખણના પીંડામાંથી જેમ વાળને ખેંચી કાઢે તેમ સહજતાથી દૂર કરે! સંતરાના રસને દવાના ઘૂટની જેમ પૂ. મા આંખો મીંચીને પી જાય! બંને હસી ઉઠે! ક્યારેક તો પૂ. મા થોડું પાણી લે માટે કલ્પુને સવારથી સાંજ સુધી તપવું પડે, છતાં કલ્પુ ધીરજ ગુમાવે નહીં, કંટાળે નહીં, ઠાકોરજીને જે ભાવે જમાડે તે ભાવે આ ઠાકોરજીને વિનવ્યા કરે. "મા તમે તો કેવા ડાહ્યાં, એકવાર પાણી પીલો પછી આગ્રહ નહીં કરું." પૂ. માથી ન તો પાણી પીધા વિના રહેવાય કે ન તો હસ્યા વિના રહેવાય! ક્યારેક કલ્પુ પૂ. માથી રિસાય, કહે "હું તમારી સાથે નહીં બોલું" પૂ. મા મનાવે કહે "પણ કારણ તો કહીશ ને?" કલ્પુ કહે "આ આખો ગ્લાસ લસ્સી પી જાઓ તોજ બોલું" પૂ. મા આ પ્રેમાળ છોકરીને શું કહે? લસ્સીરૂપી દવાને આંખો મીંચીને ગટગટાવ્યે જ છૂટકો!

પૂ. મા કંઇક લે તેટલા પૂરતા જ કલ્પુના પ્રયત્નો ન હતા. પૂ. માની રાતદિવસની નાની એવી જરૂરિયાતનું પણ ખાસ ધ્યાન રાખતી. પૂ. મા બેઠાં હોય, લખતાં હોય કે કોઇ અગત્યના કાર્યમાં ગુંથાયેલાં હોય ત્યારે કઇ વસ્તુની ક્યારે જરૂર પડશે તેની સૂઝ કલ્પુને એટલી બધી કે પૂ. મા બોલે તે પહેલાં તે વસ્તુ ત્યાં હાજર થઇ જાય. પૂ. મા સુતાં હોય, સ્નાન કરતાં હોય, શરીરે તાવ હોય કે નિર્જળા ઉપવાસો વખતે શરીર કષ્ટપ્રદ સ્થિતિ અનુભવતું હોય ત્યારે જે તે ઉપાયોની જરૂર હોય તે ઉપાયો ચપટી વગાડતાં જ શરૂ થઇ જાય! કલ્પુ પૂ. મા સાથે એટલી તો ઓતઃપ્રોત થયેલી કે પૂ. માના પડછાયામાં પણ કલ્પુનું વ્યક્તિત્વ ઉપસી આવતું. પૂ. મા



સુતાં હોય તો કયી બાજુ પડખુ ફેરવશે. બેઠાં હોય તો કયી બાજુ આરામ માટે ઓશિકાનો ટેકો લેશે, તેની સૂઝ કલ્પુને સહજ હતી. પૂ. માના સાધનાના કડક નિયમોના શિસ્ત વચ્ચે પણ કલ્પુનું સૌમ્ય, મૃદુ હાસ્યમંડિત વ્યક્તિત્વ રણદ્વીપ જેવું કામ કરતું.

કલ્પુની ઉંમર તો નાની, હસવા, ખેલવાના કોલેજના એ અલગારી દિવસો છતાં માતાપિતાના સંસ્કારો અને પૂર્વના કોઇ ગૂઢ વારસાને લીધે આધુનિકતાના દુષણોથી દૂર રહી શકેલી! વર્તમાન કોલેજ જીવનના અભિશાપોથી બચવું તે તો આત્મ-સંયમના વિરલ વારસા વિના શક્ય નથી. આ ઉંમરે દિવ્યપ્રેમ અને સેવાના સંસ્કારો પચાવવા સહેલા નથી, અને તેમાંય પૂ. ગુરુદેવ પૂ. મા જેવા પરમ પુરુષોના આધ્યાત્મિક સંસ્કારોને ઝીલવા એ કોઇ નાની સૂની વાત નથી! પૂ. મા અને કલ્પુના પરસ્પરના સંબંધોમાં મુખ્ય સેતુ તો એ અલૌકિક દિવ્ય પરમ પ્રેમાકર્ષણ જ છે. પૂ. માને રાતોની રાતો જાગીને જ પસાર કરવાની હોય ત્યારે પૂ. મા કલ્પુને સૂઇ જવાનું કહેતાં ત્યારે કલ્પુ એ શ્રી ચરણોને વળગીને બેસી જ રહેતી! જાણે એ શ્રી ચરણોમાં પરમ પ્યાસની તૃપ્તિની પ્રશાંતિ ન હોય? પૂ. મા અને કલ્પુની આ અનોખી દાસ્તાન છે! પરમશક્તિ અને પરમસખીની એ દિવ્યરમણોને આપણે શું સમજી શકીએ? પૂ. મા તો રસસાગર છે. એમાં ડૂબવાનું સૌભાગ્ય તો કોઇક કલ્પુ જ માણી શકે,

વટેમાર્ગુ જેવા સૌ જીવો,
જીવન રસની ખાણ;
ભાવ પ્રમાણે અનુભવ કરતા,
પુલકિત કરતાં પ્રાણ.

જીવન તો પ્રભુની પરમરસની ખાણ જેવું છે, પણ કલ્પુ જેવા ભાવ વિના તેનો અનુભવ થઇ શકતો નથી. જેવા ભગવાન એવા ભક્ત, ગજા વિના તેના સમંદરપેટને પામી શકાતું નથી છતાંયે અલ્પાંશે એ પરિચય પામી ફરી પાછા આપણે મુંબઇ એરોડ્રામ પર ઉભેલી બેંગલોર ફ્લાઇટની સીડી પૂ. માના પરમ સાન્નિધ્યમાં પાછા આવી જઇએ છીએ.

પૂ. મા સીડી ચડતાં ચડતાં કલ્પુને યાદ કરતાં વિમાનમાં પ્રવેશ્યાં છે. નિયત સીટ પર બેસી બાજુની સીટપર પ્રભુને પધરાવ્યા છે. પૂ. મા પ્રસન્ન છે, છોકરાઓને હસાવી રહ્યાં છે. વિમાન ઉડયું એટલે પૂ. મા બે હાથ જોડી પ્રભુને પ્રાર્થના કરી, "પ્રેમ પોકારો સુણી અમારા..." એ સ્તુતિ ગાન કરે છે. પૂ. માએ મસ્તક પર ભીનો નેપકીન વીંટયો છે, ચશ્માં પહેર્યાં છે. હવે વિષ્ણુસહસ્રનામ અને શિવમહિમ્નસ્તોત્રનો પાઠ કરી રહ્યાં છે. વિમાનમાં જ્યારે બીજા લોકો ખાવાપીવાની મોજમજામાં પડયા છે, ત્યારે પૂ. મા નિજ સ્વાધ્યાયમાં મગ્ન છે. પૂ. માનું આ જીવનદર્શન કેટલું પ્રેરક છે! નહીં જરાપણ પ્રમાદ, બેદરકારી કે ગફલત, પળેપળનો ઉપયોગ પ્રભુસ્મરણમાં કરી રહ્યાં છે. બસની મુસાફરી હોય કે વિમાનની, ઘરમાં હોય કે વિજનમાં, દેશ હોય કે પરદેશ, પૂ. માના જીવનમાં તપનો, સાધનાનો સૂર્યાસ્ત ક્યારેય થતો નથી. દોડી રહેલા સમયપટ પર પોતાની નિશ્ચિત જીવનકેડી કંડારી રહ્યાં છે. પૂ. માએ હવે સ્વાધ્યાય પાઠો પૂરા કરીને જપ કરી રહ્યાં છે. હાથમાં નિશ્ચિત માળા ગણવામાટેનું નાનકડું મશીન છે. ગૌમુખીમાં માળા કરી રહ્યાં છે. વચ્ચે વચ્ચે મારા જેવા નવા પ્રવાસીને બહારનાં દૃશ્યો બતાવી રહ્યાં છે. એકાદ કલાકની એ વિમાન યાત્રામાં પોતાની પ્રસન્નપ્રકૃતિ ગુમાવ્યા વગર પૂ. મા



સતત સાધનારત રહ્યાં. વચ્ચે હળવી રમુજો કરતાં સૌને હસાવતાં રહે છે! વિમાનમાં હળવું સંગીત વાગી રહ્યું છે. એટલે પૂ. મા કહે "ગરબે ઘૂમવું હોય તો શુશીલાબેન ગરબો ગાઇ રહ્યાં છે."

હવે બેંગલોર એરપોર્ટ નજીક આવ્યું છે. વિમાન ઉતરવાની ઘડીઓ ગણાય છે. સૌને કમરે પટ્ટાઓ બાંધવાની સૂચના અપાય છે, એટલે પૂ. મા પૂ. શ્રીને યાદ કરતાં કહે "પ્રભુ ક્યારેય વિમાનમાં પટ્ટો બાંધતા નહીં, હસતાં હસતાં કહેતા કે અમે તો મુક્ત છીએ, શા માટે બંધન સ્વીકારીએ? પરંતુ અમે તો બાંધી લઇએ કારણકે ભક્તોના બંધનમાં અમે તો બંધાયેલાં છીએ." પરમશક્તિના માતૃહૈયામાં વહેતી આ સહજ પ્રેમસરવાણિ બીજે ક્યાં જોવા મળે? છોકરાઓ માટે તો આ માતૃહેતના હિંચકે હિંચકવાની મોજ એજ સાધના અને એજ સાક્ષાત્કાર! જે આ પરમસાન્નિધ્યે હરપળે અનુભવાય છે. આ બેંગલોર યાત્રા પણ એજ માતૃપ્રેમનું મધુમય પયપાન છે. ભગરાન શ્રીરામ જેમ સામે ચાલીને શબરી આશ્રમની યાત્રાએ ગયા હતા તેમ પૂ. મા ઉડીને પોતાની શબરીની યાત્રાએ ખાસ આવ્યાં છે.

હવે વિમાન ધરતીને સ્પર્શ્યું છે. સલામત યાત્રા બદલ પૂ. મા પ્રભુનો ઉપકાર માને છે. "પ્રેમ પોકારો સુણી અમારા..." એ સ્તુતિગાન પૂ. મા સાથે સૌ કરે છે. આ દોઢ કલાકનું વિમાની ઉડ્ડયન પણ પૂ. મા માટે તો ધ્યાનની એક બેઠક જેવું જ હતું. સમય અને સ્થળ બદલાયા કરે છે પરંતુ અવિચળ રહે છે અંતરની અખંડ આરાધના! બસ ચાલ્યા જ કરે છે સમયના વહેણ પર પ્રભુસ્મરણનું વહાણ!

પ્રેમના પોટલે પોટલા બાંધીને પૂ. મા સીધા રાજમહેલ હોટેલના ઉતારાપર પધાર્યાં છે. હજુ તો પૂ. મા મોટરમાં જ છે,

નીચે ઉતર્યાં નથી. કલ્પુ અદ્ધરશ્વાસે એક મીટ માંડીને પ્રતીક્ષા કરતી હતી તે મા મા કરતા દોડી, પરંતુ પૂ. મા એ તો મોટરના દરવાજાના કાચ ચડાવીને બંધ કરી દીધા, માતૃમિલન આડે એક પળ પણ હવે વસમી છે, કલ્પુ મોટરના ચારે દરવાજે ઉડાઉડ કરે, હાથ જોડે, બારીના કાચ પર મુઠ્ઠીઓના પ્રહાર કરે, પરંતુ પૂ. મા બેઠાં બેઠાં હસે! પણ પ્રેમના પ્રહારની ઝીક કોણ જીલી શકે? જેવાં મા, તેવી દીકરી! આખરે પ્રેમના પોટલાં છૂટી પડયાં, માતૃમહેરામણમાં સ્નેહસરિતા સમાઇ ગઇ, કલ્પુ પૂ. માના ખોળામાં અને પૂ. માનો વરદ હસ્ત ન જાણે ક્યાંય સુધી પીઠ અને મસ્તકને પસવારતો રહ્યો!

કલ્પુને જાણે સૃષ્ટિનું સામ્રાજ્ય મળી ગયું! હૈયાને બોલતાં તો કેમ રોકાય! રોમેરોમમાંથી ઉઠતો એ નાદ સ્પષ્ટ સંભળાતો હતો.

તમે મારું જીવન પૂર્ણવિરામ,
ધ્યેય, પરમપદ તમે જ મારું,
વિશ્વ વળી અભિરામ.

જે મળ્યા પછી બીજું કંઇ મેળવવાનું બાકી રહેતું નથી તેવી આ જીવન મિલ્કત હતી. અલ્પવિરામની અશાંતિ નહીં પણ પૂર્ણવિરામની પ્રશાંતિ હતી. અહીં સ્વાગત પૂરતું સ્મિત નથી, પુષ્પહાર પૂરતો પ્રેમ નથી કે આરતી પૂરતો આનંદ નથી. આ બધી જ વિધિઓ કલ્પુએ પાછળથી કરી, પરંતુ તે તો આ પ્રેમ પારાવારમાં સમાયાની સ્મિતતરંગો સમી અખંડ હતી!

કલ્પુએ અહીં બૅંગલોકમાં શ્રીદેવ સાથે પોતાનું સંસારજીવન શરૂ કર્યું છે. પૂ. મા અહીં કલ્પુના આ સંસારતીર્થની યાત્રાએ આવ્યાં છે. કલ્પુનો સંસાર તીર્થસમાન બને એવી ઝંખના લઇને



પૂ. મા અહીં પધાર્યા છે. સામાન્ય રીતે લોકો સંસારના થઇને જીવે છે, પરંતુ સંસારમાં રહીને પ્રભુના થઇને કેમ જીવાય તેવો જીવન-પાઠ ભણાવવાની નેમ પૂ. માની સહજ હોય તે સ્વાભાવિક છે, કલ્પુએ પોતાનો પાઠ ભજવ્યો છે. પૂ. મા પોતાનો પાઠ ભજવવા માગે છે. સતત એક અઠવાડિયા સુધી એ સંસારતીર્થને સજાવવા, સંસ્કારવા પૂ. મા પોતાના પરમપદને વિસરી ગયાં છે. જીવનસખી બનીને પોતાની સખીના જીવનમાં દિવ્ય સખ્યના ભાવો લઇને ઓતપ્રોત થઇ ગયાં છે. સતત ત્રણ દિવસ પૂ. મા કલ્પુને ત્યાં જ રહ્યાં છે. કલ્પુએ શ્રીદેવ સાથે પોતાનો સંસાર વ્યવસ્થિત શરૂ કર્યો ત્યારપછીની પૂ. માની આ પહેલી જ મુલાકાત છે. ખાસ કરીને શ્રીદેવનો આ પ્રથમ જ પરિચય છે. પૂ. મા તેમના સ્વભાવથી, સંસ્કારથી, અજાણ છે. એટલે જ પૂ. મા પોતાની સખીના સંસારજીવનમાં ડોક્યું કરવા પધાર્યાં છે. શ્રીદેવમાં દૈવત્વ પ્રકટે તેવા પૂ. માના ભરચક પ્રયત્નો રહ્યા છે.

શ્રીદેવની સારી ટેવો, નિયમોને પૂ. મા બિરદાવી રહ્યાં છે. નિત્ય પૂજા, પાઠ, સ્મરણ, માળા, દંડવત પ્રણામના નિયમોને પૂ. માએ પ્રેરણાજળ સીંચ્યું છે, નવા સંસ્કારોને ઝડપથી સુદૃઢ થતા જોઇ પૂ. મા હરખાઇ રહ્યાં છે. કલ્પુના સંસારરથની લગામ પૂ. માએ બરાબર સંભાળી છે. રથના બંને ચક્રો, સમાન, સમતોલ, સ્થિર સુવ્યવસ્થિત અને એકબીજાનાં પૂરક રહે તે માટે ઘડતર ઘડી રહ્યાં છે. પૂ. મા પોતાના બીજા બધા છોકરાઓને ભૂલીને કલ્પુ અને દેવમાં ઓતપ્રોત થઇ ગયાં છે. કલ્પુના ગૃહજીવનમાં પૂ. મા એવા તો ગોઠવાઇ ગયાં છે કે બહારથી જોનારને લાગે કે આ તો માતા કે સખી સ્વરૂપે કોઇ સંસારી સગા છે, ત્યાં સુધી કે રસોઇ કે બીજા ઘરકામમાં મદદરૂપ થવામાં જરાય સંકોચ રાખ્યો નથી.

શ્રીખંડિયા સ્વરૂપે પ્રભુ પોતાના ભક્ત શ્રી એકનાથ મહારાજની સેવા કરવા માટે તેમના ગૃહજીવનમાં વર્ષો સુધી પડયાપાથર્યા રહ્યા હતા! પોતાના ભક્ત માટે પ્રભુના આ પ્રેમની તુલના, કોઈના તોલે આવી શકે તેમ નથી. પ્રભુ અને ભક્ત આ સૃષ્ટિમાં અનન્ય રહ્યા છે. એવું જ અહીં છે, શ્રીખંડિયા જેવો જ સામાન્ય દેહ ધારણ કરીને પોતાના આ ભક્તદંપત્તિના પ્રેમને વશ થઈ તેમને સંસાર શા સરસા રાખીને તેમનો ઉદ્ધાર કરવા પધાર્યા છે. આ દિવ્ય માતૃસુધાસાગરની ગહનતાનો તાગ લેવાનું આપણું ગજુ નથી. પરમાત્મા સિવાય આવો દિવ્ય, નિષ્કામ પ્રેમ બીજે ક્યાં જોવા મળે? પૂ. માનું આ શ્રીખંડિયા સ્વરૂપ અહીં નજરે નિહાળ્યું છે. પરમશક્તિની આ લીલા ખરેખર અનેરી રહી છે. પૂ. માને આ ગૃહજીવનમાં સમરસ થતાં જોયાં છે, આટલા દિવસો અહીં પ્રસન્નતાનો પ્રશાંત મહાસાગર ઉછળતો જોયો છે. પૂ. માનું આ જીવનદર્શન આ વાતમાં નહીં વણી શકાય! એ હાલચાલમાં, હાવભાવમાં, વાણીમાં એ લાડભર્યા લટકાંઓમાં પોતાના વિભૂતિવૈભવને વિસરીને સખી સ્વરૂપે મ્હોરી ઉઠયાં છે. ઋણ ફેડવામાં પ્રભુને કોઈ રીતે પહોંચી ન શકાય, તેની લીલાના પારને પામી ન શકાય તે અહીં સાક્ષાત અનુભવ્યું છે. અહીં કોઈ સાંભળેલી વાતો નથી. સાક્ષાત સ્વરૂપદર્શનની નક્કર અનુભવેલી હકીકતો છે.

એક સપ્તાહના એ દિવ્ય સાન્નિધ્યે પૂ. માએ પોતાનું ધાર્યું નિશાન પાડયું છે, કલ્પુ અને શ્રીદેવના દાંપત્યજીવનને ભક્તિભાવથી ઉભરાતું જોયું છે. એ વિદાય વખતે શ્રી માતૃચરણે મસ્તક મૂકી એ દંપતિને જે ભાવ ઠાલવતાં જોયાં તેથી અમારી આ બેંગલોર યાત્રા ખરેખર ભાવભીની બની ગઈ, કલ્પુને લીધે અમને પણ આ વિશિષ્ટ માતૃદર્શનનું કલ્પાતીત સુખ મળ્યું તે



બદલ કલ્પુ સિવાય બીજા કોનો આભાર માનીએ?

પૂ. માના કલ્પુ પ્રત્યેના અનન્યભાવનું એક બીજું ઉદાહરણ, પૂ. માએ કલ્પુના લગ્ન વખતે કલ્પુને લખેલા ભાવપત્રો છે. એમાં કલ્પુ પ્રત્યેનો ભાવ તો વહેજ છે, પરંતુ સાથે સાથે સંસારના નવદંપતીને માટે અનેરું માર્ગદર્શન છે. જગતના પત્ર સાહિત્યમાં એ પત્રો વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. સુખી, પ્રસન્ન ગૃહસ્થજીવનનો એ અમર દસ્તાવેજ છે.

આ ઋજુ, મૃદુ, પ્રસન્નવદના, સત્વશીલ, સંસ્કારસંપન્ન રૂપ રમ્યા કલ્પુને અમારી લાખો સલામ! હજારો બાળકોની દિવ્યમાતાની તેં જે સેવા કરી છે, તે બદલ તને અમે શું આપીએ? ધન્યવાદ તો શું બધું જ ઓછું પડે તેમ છે તે જે ભાવે પૂ. માની સેવા કરી તે ભાવ અખંડ રહે, તારા માટે એ દિવ્ય સાન્નિધ્યનો દુષ્કાળ ક્યારેય ન પડે. પૂ. માનો હેતાળ, હુંફભર્યો ખોળો સદાય તને ખૂંદવા મળે, તેવા પ્રેમભીના ભાવ વહાવ્યા વગર રહેવાતું નથી. તારો શ્રીદેવસાથેનો દાંપત્યસંસાર અને પૂ. મા સાથેનો દિવ્ય સંસાર સોળેય કળાયે અખંડ ખીલેલો રહે તેવી પૂ. માના હજારો બાળકોની લાખો લાખો શુભેચ્છાઓ! બીજું શું સન્માન કરીએ?

હૃદયના શુદ્ધ પ્રેમીને, નિગમના જ્ઞાન ઓછા છે;<br>
ને પરવા માનની તોયે, બધા સન્માન ઓછાં છે.<br>
તરી જાવું બહુ સહેલું, છે મુશ્કિલ ડૂબવું જેમાં;<br>
એ નિર્મળ રસ સરિતાથી, ગંગાસ્નાન ઓછાં છે.

યોગી શતાબ્દી મહોત્સવ

# પ્રેરણાદાયી બન્યો

સાધુ પ્રીતમ પ્રસાદદાસ

## યોગીજી મહારાજનો મહાન ગુણ

આફ્રિકામાં મોમ્બાસા શહેર ખૂબ જાણીતું છે. ત્યાં ઘણા સાધુસંતો, મહાત્માઓ, કથાકારો સંસ્કૃતિના પ્રચાર માટે જાય. લોકોને સન્માર્ગે વાળવા પ્રયત્ન કરે. શરાબ પીતા માણસોને વ્યસનોથી દૂર રહેવાનું શીખવે. સાથે સાથે અંતરના શત્રુઓને ઓળખવાનું પણ શીખવે. કામ, ક્રોધ, ઈર્ષ્યા, માન એ અંતઃશત્રુ છે તેનાથી દૂર રહેવું એવો ઉપદેશ આપે.

એક વખત બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ ત્યાં ગયા. જાહેર સભાઓ કરી. યુવક મંડળો–બાળ મંડળો સ્થાપ્યા. લોકોને તેમની નિર્દોષતા ખૂબ સ્પર્શી ગઇ. નાના નાના બાળકો પણ એમને જોઇને હરખઘેલા થઇ જાય. યોગીજી મહારાજની નજીક જવું હોય તોય તેમને સંકોચ નહિ. તેઓને ઓટોગ્રાફ ભેગા કરવાનો બહુ શોખ.

યોગીજી મહારાજ સોફા પર બિરાજમાન હતા, એવામાં એક બાળક હાથમાં ઓટોગ્રાફની બૂક લઇને એમની પાસે આવ્યો અને યોગીજી મહારાજને હસ્તાક્ષર લખી આપવા કહ્યું. સ્વામી યોગીજી મહારાજે સાહજિક રીતે હસ્તાક્ષર કરી આપ્યા. બાળક રાજી થઇને હસતો હસતો પોતાને ઘેર ગયો.

થોડા સમય પછી બીજા એક, મહાત્મા–સાધુ ભારતથી અહીં



આવ્યા. તે પણ અહીં સારું એવું રોકાયા. પેલો બાળક ઓટોગ્રાફ બૂક લઇને તેની પાસે પણ ગયો અને હસ્તાક્ષર કરી આપવા કહ્યું.

તે મહાત્માએ ઓટોગ્રાફ બૂક હાથમાં લીધી. થોડાં પાનાં ફેરવ્યાં. તેમાં પહેલા જ પાને યોગીજી મહારાજના હસ્તાક્ષર તેણે જોયા. એટલે તે ચમક્યા. તેનાથી આ સહન ન થયું. તેણે બાળકને કહ્યું, 'આમના અક્ષરવાળું પાનું ફાડી નાખ. પછી હું સહી કરી આપું. એમ કહી તેણે યોગીજી મહારાજના હસ્તાક્ષરવાળું પાનું ફાડવા ચેષ્ટા કરી.

બાળકે ઓટોગ્રાફ બૂક પાછી ખેંચી લીધી.

'ના, એ તો યોગીબાપાની સહી છે.'

'તો નહિ કરી આપું' સાધુએ દ્વેષથી કહ્યું.'

'મારે તમારી સહી નથી જોઇતી.' કહીને બાળકે ઓટોગ્રાફ બૂક લઇ લીધી અને પાછો ફર્યો.

થોડા સમય પછી યોગીજી મહારાજ તેને ફરી મળ્યા. ત્યારે તેણે બધી વાત કહી અને કહ્યું, 'તે સાધુ આપની સહી ફાડી નાખવાનું કહેતા હતા.'

યોગીજી મહારાજે નિર્દોષભાવે કહ્યું, 'એમના હસ્તાક્ષર લઇ લેવા હતા તો આપણે તો ઘોડાપંથી. ફરીવાર કરી આપત. એ તો મોટા શાસ્ત્રી કહેવાય. તેના હસ્તાક્ષર તો મળત!'

યોગીજી મહારાજનો આ ગુણ સ્પર્શી જાય એવો છે. સાથે સાથે સાચા સાધુને ઓળખવાની દૃષ્ટિ આવા પ્રસંગ દ્વારા પ્રાપ્ત થાય છે.

* * *

### યોગી મહોત્સવ

આ સ્વામિનારાયણ નગરમાં સમાજને અનેકરીતે આશીર્વાદ રૂપ કોઇ મહત્ત્વનું કાર્ય થયું હોય તો તે વ્યસનમુક્તિ યજ્ઞનું છે. એક અઠવાડિયાનો હિસાબ તપાસ્યો તો જણાયું કે અહીં ૧૨,૨૫૦ જેટલા પુરુષો તથા ૧૭૬૮ જેટલી સ્ત્રીઓ સ્વૈચ્છિક રીતે પ્રેરણા પામી વ્યસનમુક્ત થયા હતાં. આ સમસ્ત ઉત્સવ દરમ્યાન ૬૫૦૦૦ જેટલા પુરુષો તેમ જ ૧૦૦૦૦ જેટલી મહિલાઓને વ્યસનમુક્ત કરવાનું લક્ષ્ય આ સંસ્થાના આયોજકો દ્વારા થયું છે. વ્યસનમુક્ત થયા પછી તેઓને દર મહિને પોસ્ટકાર્ડ લખાશે તેમ જ દર ૩ મહિને સંસ્થાનાં યુવાનો તેઓની વ્યસનમુક્તિ અંગેની પછીની પરિસ્થિતિ અંગે ધ્યાન રાખશે અને તેઓને પ્રેરક બળ આપતા રહેશે.

પ્રમુખ સ્વામીજીની પ્રેરણાથી વિધાનસભાનાં અધ્યક્ષશ્રી હિંમતલાલ મુલાણીએ અહીં આવી પોતાનું ૩૨ વર્ષ જૂનું સીગારેટનું વ્યસન છોડી દીધું છે. હાલ તેઓ સ્ફૂર્તિમય જીવન જીવી રહ્યા છે. તેમ તેઓએ જણાવ્યું છે.

બ્રાઉન સ્યુગર વેચતી તથા ખાતી બે મહીલાઓ, તથા દારૂપીતી તથા સીગારેટ વેચતી બે મહીલાઓ પણ તાજેતરમાં અહીં આવીને સામેથી વ્યસનમુક્તિનાં નિયમો ગ્રહણ કરીને વ્યસન મુક્ત થઇ છે.

કેટલાકે તો ટી. વી. ન જોવાનું તથા દોરાધાગા છોડી દેવાના પણ નિયમો લીધા છે. આમ આ યોગીશતાબ્દી મહોત્સવ અનેકજનો માટે પ્રેરણાદાયી બન્યો છે.



**પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી અને પૂ. મા શ્રી સર્વેશ્વરીની**

## ઓડિયો-વીડીઓ કેસેટો

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની અમૃતવાણીની લગભગ ૧૦૦ જેટલી ઓડિયો કેસેટો ઉપલબ્ધ છે. આ કેસેટોના વિવિધ આધ્યાત્મિક વિષયોમાં, કર્મયોગ, આત્મસંયમયોગ, ભક્તિયોગ, પુરુષોત્તમયોગ, પાતંજલ યોગદર્શન, નારદભક્તિસૂત્ર, ચંડીપાઠ, રામાયણ, ભાગવત્, શ્રીમદ્‌ભગવદ્‌ગીતા વગેરેનો સમાવેશ થાય છે. આ કેસેટો ગુજરાતીમાં છે. તે ઉપરાંત તેઓનાં અંગ્રેજી પ્રવચનોની પણ થોડી કેસેટો છે. વળી તેઓનાં કેટલોક ગુજરાતી પ્રવચનોની વિડીઓ કેસેટો પણ મળી શકે તેમ છે.

આ ઉપરાંત તેઓશ્રીના દસ જેટલાં કાવ્ય અને ભજન સગ્રહોમાથી, પસંદ કરેલ ભજનોની પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના મુખે ગવાયેલી કેસેટો હાલ તૈયાર થઇ રહી છે. તે સિવાય પૂ. મા શ્રી સર્વેશ્વરીએ લખેલાં અને ગાયેલાં ભજનોની ઓડિયો કેસેટો, રામચરિત માનસ સપ્તાહની તથા પૂ. માના અનેક સત્સંગોની વિડીઓ કેસેટો પણ તૈયાર છે.

આ બધી ઓડિયો-વિડીઓ કેસેટોનો લાભ-ખાસ કરી વિદેશોમાં વસતાં ભાઇબહેનો લઇ શકે તે માટે તેઓને નીચેના સરનામે સંપર્ક સાધવા વિનંતી છે–

Vinodbhai K. Patel
8284, Kennedy BLVD, North Burgen,
NJ.-07047, U.S.A.

## * જીવન ખોયું *

(રાગ : વૈષ્ણવ જન તો તેને કહીએ)

આ અવસર છે હરિ ભજવાનો,
ફરી ફરી નહિ મળશે રે.
જીવન જાતા, વાર નહિ લાગે,
પાછળથી પસ્તાસે રે. આ૦ ૧
આવ્યો તું તો કમાણી કરવા,
પણ, કમાયો નહિ કોડી રે,
પ્રેમ થકી તું પ્રભુને ભજી લે,
માયા બધી દે, છોડી રે. આ૦ ૨
પારકી નિંદા કરી, પાપજ ધોયાં,
પણ તેની પીડા ન જાણી રે.
ખોઈને જાશો ને ખત્તા ખાસો,
વહી જશે સઘળાં પાણી રે. આ૦ ૩
મોહે ભર્યા ને મદે ભર્યો તું,
માયામાં અંજાયો રે,
ધાયો ત્યાં તો ધૂળ કમાયો,
સંસારમાં ફસાયો રે. આ૦ ૪
માયામાં તું તો ઘેરાયો,
પણ વિચારીને નહિ જોયું રે,
દાસ દુર્લભ કહે કર જોડી,
મોંઘું જીવન તેં ખોયું રે. આ૦ ૫

— દુર્લભજી ભક્ત-સ્યાદલા



## * ખાલી કરો મકાન *

(રાગ : આશાવરી)

ખાલી કરો મકાન જીવડા, ખાલી કરો મકાન,
ચાલો નીકળો, પડતો મૂકી સઘળો સરસામાન. જીવડા૦
આંહીં જન્મી બાળપણમાં પાપા પગલી કરી'તી,
જોમભરી જ્યાં આવી જવાની, હરણફાળો ભરી'તી,
હવે આ ઘરડી કાય તજીને પ્રાણ, કરો પ્રસ્થાન. જીવડા૦
આયખું આખું કર્યું શું તેનો દેવાનો છે રે જવાબ,
નફાતોટાનો, પાપ-પુણ્યનો આપવાનો છે હિસાબ,
એની ચિંતા, ને બીકના માર્યા રખે થતા બેભાન. જીવડા૦
મોકલ્યા ન્હોતા તમને આંહીં કાયમ વસવા માટ,
હવે ખૂટવા આવી તમારી લાંબી જીવનવાટ,
બાંધી કર્મનુ પોટલું નીકળો, તેડી રહ્યા ભગવાન. જીવડા૦

— કિસ્મત કુરેશી

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.

ગાંઠિયોલના એક સાચા સંત

# શ્રી જેસીંગ બાવજી (૨)

(ગતાંકથી ચાલુ) નારાયણ હ. જાની

કશા જ પ્રકારની પ્રારંભિક પૂર્વ તૈયારી વિના પ્રભુકૃપાથી સ્નેહીઓની સહાયથી ચારે દીકરીઓનાં સમૂહમાં લગ્ન ઉજવાઇ ગયાં. તે વખતે ગોધમજીમાં ભાગવત સપ્તાહનું સરસ આયોજન કરેલું એ ધાર્મિક ઉત્સવ ભેગો શ્રી જેસીગ બાવજીની ચારે પુત્રીઓનાં સમૂહ લગ્નોનો સાંસારિક પ્રસગ પણ ઉજવાઇ ગયો. નરસિંહ મહેતાના કુંવરબાઇના મામેરા જેવી જ આ ઘટના બની. તેમાં ફક્ત ફેર એટલો જ પડયો કે પ્રભુ પ્રત્યક્ષ શામળિયો શેઠ બનીને ન આવ્યા. કોણે કોણે કેવી મદદ કરી તેની ખબર સુદ્ધાં ના પડી અને પ્રસંગ ઉજવાઇ ગયો! પ્રભુની કૃપા!

## આધ્યાત્મિક ઓળખ

કયા માણસને ક્યારે કોનામાં શ્રદ્ધા જાગી જાય એ કહેવું અને સમજવું મુશ્કેલ છે. વસાઇના શ્રી સવજીભાઇ દેસાઇ વ્યવસાયે તલાટી, પણ ભારે ખમીરવંતા. મહેસુલી કાયદાઓની આંટીઘૂંટિયોના ખાં–(નિષ્ણાત) પડછંદ ઊંચી ગોરી કાયા ને મુખ પરની ખુમારી અનોખી. આમ તો રેવન્યુ ખાતાના નાનામાં નાના કર્મચારી પરંતુ વ્યક્તિત્વની પ્રતિભા ઊંચી. એટલે જ્યાં જાય ત્યાં એમની હાજરી વરતાઇ આવે. તેઓને શરૂથી જ શ્રી રામજીબાવા અને નાથુજી બાવજીમાં શ્રદ્ધા અને ભગવાનના ડરવાળો માણસ. પરંતુ એનામાં એક દારુ પીવાની એબ. કહેવાય છે કે કેટલીકવાર ખૂબ પી નાંખે.



આમ છતાં શ્રી જેસીંગ બાવજીનો એમને જ્યારથી પરિચય થયો ત્યારથી શરૂથી જ તેઓ એમની આધ્યાત્મિક ઉચ્ચતાને ઓળખી ગયેલા. એટલે તેમને સમાજમાં આગળ લાવવા ખૂબ મથતા રહેતા. પરંતુ શ્રી જેસીંગ બાવજીનો સ્વભાવ શરમાળ એટલે એમને વાર્યા કરે, ધીરજ રાખવા કહે, પરંતુ સવજીભાઇના મનમાં એક જ હોંસ કે લોકો જલ્દીથી શ્રી જેસીંગ બાવજીની આત્મિક મહાનતાને ઓળખી લે, અને એમનો લાભ લેતા થાય. આ માટે નાના મોટા મેળાવડાઓનું આયોજન તેઓ કરતા રહ્યા અને એ દ્વારા શ્રી જેસીંગ બાવજીને લોકો સમક્ષ રજુ કરતા રહ્યા. જેમ એક બદીમાં એ જીવ બળિયો, તેમ આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ એમનું આંતરિક બળ અને ઉત્સાહ એવો અને રોજ રોજ તેઓ શ્રી જેસીંગ બાવજીની આધ્યાત્મિક પ્રતિભાને સાચા અર્થમાં ઉપસાવતા રહ્યા. પરિણામે પાંચ છ વર્ષના ગાળા પછી લોકો એમને ધીમે ધીમે સારી રીતે ઓળખતા થયા. એમની પાસે આવવા લાગ્યા અને એમનો સીધો સાદો આધ્યાત્મિક ઉપદેશ સાંભળતા અને ઝીલતા થયા. આ કાર્યમાં શ્રી સવજીભાઈનું ઋણ શ્રી જેસીંગ બાવજી પણ સ્વીકારતા અને એમને સંપૂર્ણ વ્યસનમુક્ત બનાવીને જ રહ્યા. વ્યસનની બદી અને ભગવાનનું નામ કદી એક સાથે સાચા સાધકમાં રહી શકતાં નથી. આથી વ્યસનને છેવટે હાર સ્વીકારી આવી વ્યક્તિના જીવનમાંથી વિદાય લેવી જ પડે છે. એવું જ શ્રી સવજીભાઇના જીવનમાં પણ થયું. દારૂ સદાને માટે ગયો.

પરમહંસ દેવ શ્રી રામકૃષ્ણના જીવનમાં બંગાળના તે વખતના મહાન્ નાટયકાર શ્રી ગિરીશ ઘોષનું આવું જ ઉદાહરણ છે. ગિરીષ ઘોષ પણ ખૂબ દારૂડીઆ અને વ્યભિચારી પણ ખરા.

ખૂબ દારૂ પીએ, પરંતુ જ્યારે ભાનમાં હોય ત્યારે એના હૃદયનો શ્રી રામકૃષ્ણદેવ પ્રત્યેનો એવો તો અદ્‌ભુત ભાવ કે ના પૂછો વાત. શ્રી રામકૃષ્ણ પરમહંસ ઈશ્વરના અવતાર છે એમ કહેનાર એ પહેલી વ્યક્તિ હતો. તો શ્રી રામકૃષ્ણદેવે પણ શરૂથી જ કહેલું કે ગિરીશ ભલે દારૂ પીતો હોય ને ચારિત્ર્ય શિથિલ હોય, પરંતુ એનું દિલ એક સંતનું છે. મા જગદંબા એને એક દિવસ જરૂરથી વ્યસન મુક્ત કરશે અને એ સારો ને સાચો સાધક બનશે. આખરે થયું પણ એમજ.

### ઋણનો બદલો

સંત પુરુષોની એક વિશેષતા હોય છે કે તેઓ કદી કોઈના ઉપકારનો ભાર માથે રાખતા નથી. શ્રી સવજીભાઈના જીવનમાં પણ જ્યારે તેઓ કેન્સરની બિમારીમાં સપડાયા, ત્યારે જેસીંગ બાવજી પોતાનું ઘર છોડી, ઘણા અનુયાયીઓ સાથે વસાઈ જઈને એમની ચાકરી અને સારવારમાં જોડાયા. આમાં તેઓ એવો પણ ખ્યાલ રાખતા કે ઘણા બધા માણસોનો રાખવા ખવડાવવાનો બોજો એમના પરિવાર પર ના પડે.

લગભગ સતત ત્રણ મહિના સુધી શ્રી સવજીભાઈની માંદગી ચાલી, આ બધા જ દિવસો તેઓ તેમની પાસે રહ્યા અને ભારે શારીરિક પીડા વચ્ચે એમને આત્માનો ઉપદેશ ધરતા રહ્યા. પરિણામે શ્રી સવજીભાઈ જીવનની અંતિમ ઘડી સુધી સ્વસ્થ અને શાન્ત રહી શક્યા, અને શ્રી જેસીંગ બાવજીના સાન્નિધ્યમાં જ આ સંસારમાંથી ચિર વિદાય લીધી. એ જીવનું એ કેવું મોટું સદ્‌ભાગ્ય કે જીવનની છેલ્લી ઘડી સુધી એક સંતનું સામીપ્ય એમને સાંપડયું એટલું જ નહિ પરંતુ એમનો અગ્નિસંસ્કાર કર્યા પછી જ તેઓ પોતાના ઘરે પાછા આવ્યા.



### હોસ્પીટલનો સંકલ્પ

પોતાના જીવનના ઉત્તરકાળના લગભગ વીસ વર્ષ સુધી શ્રી જેસીંગ બાવજીએ કદી પણ કોઈ કાર્યનો પ્રારંભ કરવા સંમતિ આપી ન હતી. પરંતુ જ્યારે ગોધમજીમાં એક અદ્યતન સાધન-સજ્જ હોસ્પીટલના બાંધકામ માટે સંમતિ આપી અનુયાયીઓને પ્રેરણા આપી, ત્યારે નાના મોટા સહુ સાધકોને ભારે આશ્ચર્ય થયું. તેઓને એ ના સમજાયું કે બાવજીનો દૃષ્ટિકોણ બદલાયો કે શું? ગમે તે કારણ હો, પરંતુ હોસ્પીટલ થવી જોઈએ એમ તેઓ ભારપૂર્વક કહેતા.

મૂળ વાત તો એ હતી કે આ વિસ્તારના લોકોને નાની મોટી માંદગીના પ્રસંગોએ દસ કિલોમીટર દૂર ઈડર કે છેક અમદાવાદ સુધી લાંબા થવું પડતું. ઘણીવાર અપૂરતી સારવારના કારણે કે પૂરતા પૈસાના અભાવે માણસોને માંદગીમાં રીબાતાઓ જોઈ શ્રી બાવજીનું કરુણાર્દ્ર હૃદય દ્રવી ઉઠતું. કદીક તેઓ આવા એકલદોકલ માંદાઓને આર્થિક સહાય ગુપ્તરીતે કરતા. પરંતુ એ કંઈ પ્રશ્નનો, કાયમી ઉકેલ ન હતો. આ પણ તેઓએ હોસ્પીટલના બાંધકામ અંગે આપેલ સંમતિ પાછળનું કારણ હોઈ શકે.

બીજું અને મહત્ત્વનું કારણ એ પણ હોઈ શકે કે પોતાની આત્મિક શક્તિના પરિબળે કરી, પ્રભુની આ અંગે શી ઈચ્છા છે એ તેઓએ જાણી લીધું હોય અને પછી પોતાની ઈચ્છા તેઓએ તેમાં ભેળવીને નિઃસ્પૃહભાવે આ કાર્યમાં સંમતિ આપી હોય. પ્રભુની ઈચ્છા આ રીતે તેઓને યશ અપાવાની અને તેમના સદ્‌ગુરુ શ્રી રામજી બાપાની પવિત્ર યાદ સદાય લોકહૃદયમાં સચવાઈ રહે એવી ઈચ્છા હોઈ શકે. જે હોય તે, પરંતુ પરિણામ એ આવ્યું કે શ્રી પ્રેમુભાઈ ઠાકર, શ્રી મોહનભાઈ પટેલ, શ્રી

શિવુભાઇ પટેલ તેમ જ શ્રી મૂળભાઇ ત્રિવેદી જેવા બીજા અનેકોની શક્તિ, સૂઝ અને સંપત્તિ એમાં જોડાઇ. અનેક અવરોધો છતાં માર્ગ નીકળતો જ ગયો અને માત્ર ત્રણ વર્ષના ગાળામાં રૂા. ૪૦ થી ૫૦ લાખની આ અદ્યતન હોસ્પીટલ અસ્તિત્વમાં આવી. કેન્સરની કપરી અને કષ્ટપ્રદ માંદગીમાં સપડાયેલા હોવા છતાં પૂ. બાવજી પોતે એના ઉદ્ઘાટનમાં હાજર રહી શક્યા, એ જ સૌ માટે આશ્ચર્યનો વિષય બની રહ્યો.

### પાણીની સમસ્યા

હોસ્પીટલના બાંધકામમાં જે મુખ્ય અવરોધ આવ્યો તે પાણીનો. હોસ્પીટલની જમીન પૂ. બાવજીની ઇચ્છા પ્રમાણે મળી ગઇ એટલે પાયા ખોદવાનું કામ શરું થયું. હવે બાંધકામમાં ખરી જરૂરત હતી પાણીની. આ પ્રશ્ન વિકટ એટલા માટે બન્યો કે પાણી માટેનું જે બોરીંગ કરાવ્યું તેમાંથી પાણીનો પુરતો જથ્થો ન મળ્યો. હવે પાણી માટે શું કરવું એ સમસ્યા કામ કરનારાઓ માટે મહત્ત્વની બની રહી. શ્રી પ્રેમુભાઇ ઠાકર જેઓ આ હોસ્પીટલના સમગ્ર બાંધકામની જવાબદારી સંભાળી રહ્યા હતા એમના માટે આ મોટી ચિન્તાનો વિષય બની રહી. તેઓએ રાજ્યના પાણી-પુરવઠા બોર્ડના વિભાગ પાસેથી ભૂસ્તર શાસ્ત્રીઓનો—આ વિસ્તારમાં રહેલા ભૂગર્ભ પાણી પૂરવઠાનો રિપોર્ટ પણ મંગાવ્યો. તો તેમાં એવું દર્શાવેલું કે આ વિસ્તાર "No Source" એટલે ભૂતળમાં ઊંડે પૂરતું પાણી નથી એવો છે.

પ્રેમુભાઇની ચિન્તા એ હતી કે સમગ્ર હોસ્પીટલના બાંધકામ અને ભવિષ્યની કામગીરીની સફળતાનો બધો આધાર પૂરતા પાણી પૂરવઠા પર અવલંબિત હતો. ભૂસ્તર શાસ્ત્રીઓનો રિપોર્ટ જોયા પછી એમને નિરાશા થઇ અને ચિન્તામાં પડી ગયા, કારણ



એમનું વૈજ્ઞાનિક માનસ નિષ્ણાતોના આવા અહેવાલમાં વિશ્વાસ ધરાવતું હોવાથી, હવે એમને પાણી મેળવવા શું કરવું તે સૂઝ્યું ન હતું.

શ્રી જેસીંગ બાવજી રોજ વહેલી સવારે ફરવા જતા. શ્રી પ્રેમુભાઇ ઠાકર એમની સાથે રોજ જોડાતા. પાણીનો બોર નિષ્ફળ ગયો છે એ વાત તેઓએ તેઓશ્રીને ચાલતાં ચાલતાં કરી અને હવે શું કરવું તે માટેનું માર્ગદર્શન માગ્યું. તેમની આ વાત શ્રી બાવજી સાંભળીને મૂંગા મૂંગા ચાલતા રહ્યા. એટલામાં હોસ્પીટલની જમીનવાળો પ્લોટ આવ્યો એથી શ્રી પ્રેમુભાઇએ એમને જ્યાં કરેલ પાણીનો બોર નિષ્ફળ ગયો હતો તે જગા બતાવી. શ્રી બાવજીએ થોડું ચાલીને ફરીથી હાથ લાંબો કરી એક સ્થળ બતાવી કહ્યું, "ત્યાં નવો બોર કરો." શ્રી પ્રેમુભાઇએ કહ્યું, "એમ નહિ, આપ એ સ્થળે આવી, ચોક્કસ જગા બતાવો કે ત્યાંજ બોરીંગ કરીએ. કારણ કે આપના બતાવ્યામાં અને અમારા સમજવામાં કંઇ ભૂલ થઇ જાય તો ફરી બધી મહેનત ને પૈસા નકામા જાય."

શ્રી બાવજીએ સ્થાન દૂરથી એટલા માટે બતાવેલું કે વચમાં ખોદેલી માટી અને રેતીના ઢગલા પડેલા હતા. એટલે એમના પર ચાલવું થોડું મુશ્કેલી ભરેલું હતું. શ્રી પ્રેમુભાઇના આ વચનો સાંભળી તેઓ હસ્યા અને કહ્યું, "ચાલો ભઇ બતાવું." એમ કહી ચાલવા ગયા તો આગળ પડેલા રેતીના ઢગલામાં તેઓના પગ ખૂંચી ગયા. શ્રી પ્રેમુભાઇએ એમને પકડી લીધા અને ધીમેથી તેઓએ પોતાના પગ બહાર કાઢયા. એમને થયું કે મારી અતિ ચોક્સાઇની ટેવને લીધે હું આ મહાપુરુષને વિનાકારણ કષ્ટ તો

નથી આપી રહ્યોને! પરંતુ પોતાને પડેલ આ તકલીફની શ્રી બાવજીના મન પર કોઇ અસર ન દેખાઇ. તેઓએ તો આગળ પચાસેક ડગલાં ચાલીને ત્યાં નજીકમાં પડેલ એક નાનો પત્થર લઇ. જમીન પર મૂકતાં કહ્યું, "અહીં બોરીંગ કરાવો."

## પાણીની સમસ્યા ઉકલી

શ્રી પ્રેમુભાઇએ જોયું કે એ જગા તો પેલી જગાથી માત્ર સો ફુટ જ દૂર હતી. તેમને ઘડીભર શંકા થઇ કે કદાચ ત્યાં પાણી ના પણ નીકળે. કારણ આટલા અંતરમાં શું ફેર પડી જવાનો? છતાં પૂ. બાવજીમાંની અખૂટ શ્રદ્ધાએ તેઓએ તુરત તે સ્થળે બોરીંગ કરાવવાનો સંકલ્પ કરી લીધો.

ઘરે જઇને શ્રી બાવજીના અનન્ય ભક્ત એવા શ્રી મોહન-ભાઇને બધી વાત ફોન ઉપર કરી અને કહ્યું, "બને તો આજે જ બોરીંગવાળાને મોકલાવો." શ્રી મોહનભાઇ તો શ્રદ્ધાળું માણસ. શ્રી બાવજીમાં એમને અનન્ય શ્રદ્ધા. શ્રી બાવજીએ પોતે બોરીંગ માટે સ્થળ પસંદ કરી આપ્યું છે, તે જાણી તેઓ ખૂબ રાજી થયા, કારણ તેમને મન શ્રી બાવજીનું વાક્ય એટલે બ્રહ્મવાક્ય. તેજ દિવસે તેઓએ બોરીંગની રીંગને હોસ્પીટલના સ્થળ પર રવાના કરી. આનું અદ્‌ભુત પરિણામ એ આવ્યું કે માત્ર ૨૪ કલાકમાં જ કામ પૂરું થતાં બોરમાંથી પાણીનો ધોધ ઉછળવા માંડયો! સહુ રાજી રાજી થઇ ગયા. હોસ્પીટલના બાંધકામના પાયામાં આમ પોતાની આત્મિક શક્તિથી પાણીનો પ્રશ્ન જે સહજતાથી ઉકેલી આપ્યો, તે સીમાચિહ્નરૂપ બની ગયો. આ બોરીંગનો સમગ્ર ખર્ચ શ્રી મોહનભાઇએ ઉપાડી લઇ, પોતાનો ભક્તિભાવ પ્રદર્શિત કર્યો.



આ સફળતાએ શ્રી પ્રેમુભાઇને ખૂબ પ્રોત્સાહિત કર્યાં, જો કે તેઓનું વૈજ્ઞાનિક શોધોમાં શ્રદ્ધા ધરાવતું મન–પૂ. બાવજીની આત્મિક શક્તિની સર્વોપરિતા સ્વીકારતું થયું. એમને એ ન સમજાયું કે આ વિસ્તારમાં ૬૦–૭૦ જેટલાં બોરીંગો નિષ્ફળ ગયેલાં અને આ સ્થાનથી માત્ર ૧૦૦ ફુટ દૂરનું બોરીંગ પણ નિષ્ફળ ગયું, તો અહીં આટલો વિપુલ પાણીનો જથ્થો પ્રાપ્ત થયો શી રીતે!

તેઓએ તેઓની આ શંકા પૂ. બાવજી પાસે રજુ કરી. તો તેઓએ એટલું જ કહ્યું, "ભવિષ્યમાં લાભ મેળવનાર ગરીબ દર્દીઓનું નસીબ પણ આમાં હોય ને ભાઇ!" કેવી નમ્રતા! શ્રી બાવજીએ આ સફળતાનો યશ પોતાની વિશેષ–કે લોકોત્તર શક્તિને આપવાને બદલે "ગરીબ દર્દીઓનાં નસીબ કે ભાગ્યને આપ્યો." આ જ વિશેષતા એક સંતની લેખાય.

પાછળથી પણ આશ્ચર્ય તો એ રહ્યું કે તે પછીનાં બબ્બે વર્ષો ઓછા વરસાદનાં આવ્યાં, પરંતુ આ બોરીંગના જળપ્રવાહનો વેગ દોરાભાર પણ ઓછો ના થયો. પ્રભુની કેવી લીલા!

## શ્રી પ્રેમુભાઇની સમસ્યા

શ્રી પ્રેમુભાઇનો પોતાનો બંગલો પણ હોસ્પીટલના પાછળના ભાગમાં થોડો દૂર આવેલો છે. આ બંગલાની આગળ ખાસ્સો મોટો બગીચો અને તેને માટે પણ પાણીની મુશ્કેલી. આ બગીચા-નાં વૃક્ષો માટે નજીકના ખેતીના કુવાઓમાંથી અવારનવાર પાણી વેચાતું લેવું પડે. આથી કોઇકે સૂચવ્યું, "શ્રી બાવજી પાસે તમે તમારા બંગલાની નજીક કોઇ બોરીંગનું સ્થળ જોવડાવી લોને તો તમારે રોજરોજ પાણી વેચાતું લેવાનું મટી જાય."

ઘડીભર શ્રી પ્રેમુભાઇને થયું કે વાત તો સાચી. પોતે શ્રી બાવજીને કહે તો આવે પણ ખરા. પરંતુ પછી બીજા હજારો બાવજીના ખેડુત ભક્તો તેમનો જીવ નહિ ખાય શું? પછી તેઓ કોને હા પાડશે ને કોને ના પાડશે? એનાથી તો ઉલ્ટું એમની શાન્તિ હરામ થઇ જશે—તુરત જ તેમના વિવેકી મને તેમ કરવા ના પાડી. "જેનાથી શ્રી બાવજીને કોઇ મુશ્કેલી ઊભી થાય તેવું મારાથી કદી ના થાય."

આ પાણીના પ્રશ્ને શ્રી પ્રેમુભાઇને પૂ. બાવજીની આંતરિક શક્તિનો પરિચય કરાવ્યો. એમને થયું કે મહાપુરુષોમાં આવી શક્તિઓ અગાધ હોવા છતાં જરૂર સિવાય કે પૂછ્યા સિવાય—સહદેવની જેમ તેઓ તેનો ઉપયોગ કરતા નથી. નહિ તો જનસમાજમાં પુરુષાર્થ કે પ્રયત્નો કરવાની ભાવના અને પ્રવૃત્તિ જ નષ્ટ થઇ જાય. લોકો તેમને હેરાન પરેશાન કરી મૂકે અને તૈયાર ભાણે જમવા બેસી જાય.

### બાવજીની માંદગી

શ્રી જેસીંગ બાવજીને છેલ્લાં વર્ષોમા શ્રી રામકૃષ્ણદેવની જેમ કેન્સરનો વ્યાધિ થયો. એમને પેટનું કેન્સર હતું. તેથી પેટમાં અસહ્ય પીડા અને બળતરા થતાં. આમ છતાં તેઓ સદા પ્રસન્ન અને સ્વસ્થચિત્ત જણાતા. આ જોઇ ભક્તો જ નહિ, પણ દાક્તરોને પણ આશ્ચર્ય થતું. તેઓની શારીરિક પીડામાં રાહત થાય તે માટે એક નાનકડા ગામના તેઓના ઘરના આંગણામાં શ્રી મોહનભાઇ અને બીજાઓએ કાચનો એરકન્ડીશન રૂમ પણ બનાવેલો. આવો ભાવ તેઓના ભક્તોમાં હતો.

આવી માંદગીમાં પણ તેઓની આસપાસ સતત સત્સંગ ચાલ્યાં કરતો. તેઓને જોતાં લાગે કે અસહ્ય શારીરિક પીડા



તેઓના મનને આત્મસ્થિતિમાંથી વિચલિત કરી શકતી નથી. સત્સંગને લીધે તેઓની આસપાસ સરસ પવિત્ર વાતાવરણ બની રહેતું. ગામના અને આસપાસના ગામોના અનેક લોકો તેઓનું સાન્નિધ્ય પામી સંસારના ત્રિવિધ તાપથી શાન્તિ મેળવતા. આવનારાઓનું ચા, દૂધ, કોફી કે રોટલાથી ઉચિત સ્વાગત થતું રહેતું.

### સાધુઓને ભેટ

પોતાના જીવનના અંતિમ વર્ષોમાં તેઓને ઇચ્છા થઇ કે સાધુસંતોને કામળા, શાલ કે સ્વેટર ભેટ આપવાં. તેઓના ભક્તોએ પૂ. બાવજીની આ ઇચ્છા પરિપૂર્ણ કરવા બધી જ વ્યવસ્થા કરી દીધી. સાધુસમાજમાં આની જાણ થતાં—સાચા ખોટા સર્વ પ્રકારના સાધુઓની જમાતો ગાંઠિયોલ ગામે ઉતરી પડી. તો પૂ. બાવજી આવનાર સાધુઓને પ્રેમથી જમાડતા અને એની જરૂરત પ્રમાણે શાલ સ્વેટર કે કામળાની ભેટ આપતા.

કદીક એવું પણ બનતું કે તેઓએ આપેલી ભેટ કોઇ સાધુએ વેચી દીધાની હકીકત પણ તેઓને કહેવામાં આવતી. તો તેઓ કહેતા, "બિચારાને શાલ કે કામળા કરતાં પૈસાની વધુ જરૂર હશે એટલે એમ કર્યું હશે. એણે જો મારી પાસે પૈસા માગ્યા હોત તો પૈસા હું જરૂર આપત. બાકી આપણે એકવાર કૃષ્ણાર્પણ કરી દીધેલ વસ્તુનું શું થયું? એની ચિન્તા કેવી?" કેવી ઉદારતા અને અદોષ દૃષ્ટિ! બે વર્ષના ગાળામાં રૂપિયા પાંચેક લાખની આવી સાધુઓને ઉપયોગી ચીજો આપ્યા છતાં વ્યવહારમાં ક્યાંય દાતાનો કોઇ ભાવ તેઓમાં જણાતો નહિ. આવી એમની નમ્રતા હતી.

### સદુપદેશ

કૃપાળુદેવ શ્રીમદ્‌રાજચંદ્રના આત્મસિદ્ધિ યોગનો ઉપદેશ તેઓના ગુરુ શ્રી રામજી બાપાના જીવનમાં પ્રત્યક્ષ થતો દેખાતો.

તે જ ઉપદેશ મુનાઇના શ્રી નાથુ બાવજીને ધર્યો અને શ્રી જેસીંગ બાવજીને પણ આપ્યો.

પોતાની ગામઠી ભાષામાં શ્રી જેસીંગ બાવજી લોકોને ઉપદેશ આપતાં સમજાવતા કે "આત્માને આગળ રાખી વર્તો. મૂંગા જીવો પ્રત્યે દયા રાખો અને ક્ષમાભાવથી વર્તો. કૂતરાં, કબૂતરાં અને માવિતરાં (મા–બાપ)ની સેવા કરો." તેનો સીધો સાદો અર્થ એ કે આ શરીર નહિ, પણ તમે આત્મા છો એ વાત હંમેશાં યાદ રાખો. દરેક કર્મ કરતાં તમારા આ આત્મભાવને જાગ્રત રાખો. એથી દેહની આસક્તિ ઓછી થશે. સમજો કે આ શરીર તો એક દિવસ નાશ પામી જવાનું છે, પણ જે નથી મરવાનું તે તત્ત્વ એ આત્મા છે. આવું ભાન જેટલું વધારે રહે તેટલું સારું. એમ કરતાં ધીમે ધીમે આત્મસ્થિતિમાં સ્થિર થવાશે. ઉપનિષદોનું આ જ્ઞાન તેઓ સરળભાષામાં આ રીતે સમજાવતા.

વળી તેઓ કહેતા કે "ભાવ સુધારશો તો ભવ સુધરશે." અને ભાવ સુધારવા માટે સત્સંગ મેળાઓનું આયોજન થતું. ચોમાસા સિવાય આવા સત્સંગ મેળાઓ દર પંદર–પંદર દિવસે થતા રહેતા, જેમાં જ્ઞાનની, જીવન સુધાર અને જીવદયાની વાતો થતી. આ સત્સંગ મેળામાં લોકો ભાવથી જ ચોકખા ઘીની વાનગીઓ જમાડતા. આવું સતત પાંચ વર્ષ ચાલ્યું. એ કહેતા કે વ્યવહારમાં રહીને પણ માણસે સત્સંગ કરતા રહેવું જોઇએ.

વળી વ્યસનમુક્તિ ઉપર પણ તેઓ ખાસ ભાર મૂકતા. બીડી ને દારૂ ન પીવાની પ્રતિજ્ઞાઓ લેવરાવતા. બેસતા વર્ષે અને ગુરુપૂર્ણિમાના દિવસોએ ગામમાં મોટો ઉત્સવ થતો. હજારો માણસો તેમાં ભાગ લેવા આવતા અને સહુને ભોજન બાદ જવા



દેવામાં આવતા. આ પ્રસંગે ૪૦ થી ૫૦ મણ ચોક્ખા ઘીના લાડુ થતા.

બીજી વાત જે તેઓશ્રી કહેતા તે જીવદયાની. જૈનધર્મની અહિંસાની, જીવસૃષ્ટિ જ શું કરવા, આ આખું જગત પરમાત્માનું સ્વરૂપ છે. એટલે દરેક નાના મોટાં જીવજંતુ, પક્ષીઓ અને પશુઓ પર પ્રેમ અને દયા રાખો. મનુષ્યને રળીને પેટ ભરવા પ્રભુએ બે હાથ આપ્યા છે, પરંતુ આ પ્રાણીઓ અને પક્ષીઓને પેટ તો આપ્યાં છે, તેથી તેમને ભૂખ અને તરસ તો લાગે. પરંતુ હાથ આપ્યા નથી. આથી તેઓ કશો સંગ્રહ કરી શકતાં નથી. એક વખત મુખ કે ચાંચ વડે લેવાય એટલું જ ખાઇ શકે છે. બાકી તો તેઓનું સારું જીવન પ્રભુ કૃપા પર નિર્ભર છે, અને ઋણાનુબંધના નિયમ મુજબ ચાલતું રહે છે.

આથી તેઓ કહેતા મૂંગા જીવોની સેવા કરો. પશુઓને ઘાસ-ચારો અને પક્ષીઓને ચણ નાંખો. ભગવાનની સૃષ્ટિના જીવોને સદ્ભાવનાથી પોષવા એ પણ સત્કર્મ છે.

આના પરિણામે આસપાસના અનેક ગામોમાં પક્ષીઓનાં ચબૂતરાઓ બંધાયા અને હજારો ખેડુતોએ દર વર્ષે મણ, બે મણ કે વધારે દાણા આપવાના સંકલ્પો કર્યા છે. તે પ્રમાણે આજેય નિયમિત ચણ નંખાતું રહે છે. એજ રીતે પશુઓને પાણી પીવા માટે હવેડાઓ બંધાવવા પણ પ્રોત્સાહન આપ્યું. તેઓ કહેતા કે અગાઉ તો નદીઓ વહેતી રહેતી. તળાવો પણ હતાં હાલ તો બધાં સૂકાઇ ગયાં છે. ત્યારે આ મૂંગાં પ્રાણીઓ પાણી પીવા જાય ક્યાં? એટલે દરેક ગામમાં હવેડો હોવો જોઇએ. આમ ઘણાં ગામોમાં ખેડુતોએ હવેડાઓ બાંધ્યા છે.

આ ઉપરાંત, કેટલાંક ગામોમાં પશુઓનો બલિ ચઢાવાતો હતો, તે શ્રી બાવજીએ પ્રેમપૂર્વક સમજાવી બંધ કરાવ્યો.

ચબૂતરાઓને લીધે કબૂતરો અને બીજા પક્ષીઓનો વસવાટ સારા પ્રમાણમાં વધી ગયો. પક્ષીઓ નિર્ભિક થઇ વિહરવા લાગ્યાં છે. પરિણામે સારું એવું અહિંસક અને જીવદયાનુ વાતાવરણ આસપાસનાં ગામોમાં પ્રસર્યું છે. એમના અનુયાયીઓની દિન-ચર્યાનો આવી પ્રવૃત્તિઓ એક ભાગ બની ગઇ છે. એક સંતનું પ્રાકટય મનુષ્યોને માટે તો મંગલકારી ઠરે છે, પરતુ મૂંગા જીવોની સૃષ્ટિ માટેય કેવું મઝાનુ ઉપકારક બની શકે, તે તેઓના જીવનમાંથી જોઇ શકાય છે.

### સદ્દ્ભાગી પરિવારો

પૂર્વના કર્માનુસાર કેટલાક પરિવારો શ્રી જેસીંગ બાવજીના નિકટના સાન્નિધ્યમાં આવ્યા અને તેઓની કૃપા અને આશીર્વાદ પામ્યા. એક સાચા સંતનું સાન્નિધ્ય કેવું સુખકર અને શાન્તિદાયક હોય છે, તે તેઓએ અનુભવ્યું. એવા પરિવારોમાં શ્રી મોહનભાઇ પટેલ શ્રી શિવુભાઇ પટેલ અને શ્રી પ્રેમુભાઇ ઠાકરનો ઉલ્લેખ કરી શકાય. કપાસના જીનના ધંધામાં એકવાર ભારે આર્થિક ખોટ ભોગવ્યા પછી પ્રભુકૃપા અને પૂ. બાવજીના આશીર્વાદથી શ્રી મોહનભાઇ ફરી આર્થિક ઉન્નતિ પામ્યા. તેઓના સારા પરિવારને તેઓમાં અનન્ય શ્રદ્ધા ને પ્રેમ. પૂ. બાવજીના હર વાક્ય કે વચનનું ખૂબ કાળજી- પૂર્વક પાલન કરનાર પરિવાર. છતાં ખૂબ નમ્ર અને મૂંગા સેવક.

એકવાર શ્રી મોહનભાઇ પૂ. બાવજી માટે રૂા. ૧૨૦૦ ની સરસ શાલ લાવ્યા. એક સાધુને તે ગમી અને પૂ. બાવજીએ તેને



તે આપી દીધી. પરંતુ શ્રી મોહનભાઇને તેનું કોઇ દુઃખ કે અફસોસ નહિ. આવો સરસ તેઓનો પૂ. બાવજીમાં શ્રદ્ધા–ભાવ.

બીજો ભાગ્યશાળી પરિવાર એ શ્રી પ્રેમુભાઇ ઠાકરનો. ગરીબાઇમાંથી આપસૂઝ, પરિશ્રમ અને પ્રભુકૃપાથી સંપત્તિ પામેલ શ્રી પ્રેમુભાઇ અને એમનાં ધર્મપત્ની આનંદીબેન પૂર્વના પુણ્યોદયને લીધે મુંબઇનો ધીખતો ધંધો છોડી પોતાના ગામ ગાંઠિયોલમાં આવી વસ્યા અને પૂ. બાવજીના સંસર્ગમાં આવ્યા. અહીં સારું એવું દાન આપી આ ગામમાં સરસ હાઇસ્કુલ અને આદિવાસી છાત્રાલય બનાવ્યાં તેમ જ પોતે પોતાનો સરસ આવાસ બનાવી આ સંસ્થાઓના પાડોશી બન્યા. તેઓ પૂ. બાવજી પાસે નિયમિત જતા. શિયાળો, ઉનાળો કે ચોમાસુ–ગમે તે ઋતુ હોય પણ ગામમાં હોય ત્યારે બાવજીની સવારની સત્સંગની બેઠકમાં અચૂક હાજરી આપે. આવું આઠ વર્ષ ચાલ્યું. પૂ. બાવજીનો પણ એ દંપતી ઉપર ભારે પ્રેમ. એક સાચા સંતનો નિઃસ્વાર્થ પ્રેમ કેવો હોય તે તેઓએ પ્રત્યક્ષ અનુભવ્યું. પ્રભુકૃપા સિવાય આવું વિરલ સદ્દ્ભાગ્ય ના સાંપડી શકે. એનું મૂલ્ય સંપત્તિના ઢગલાથી શી રીતે આંકી શકાય?

પૂ. બાવજીના નિર્વાણ પછી પણ તેઓની વસ્તુઓનો સુંદર સંગ્રહ અને એમના સ્વરૂપની પૂજા અર્ચના થતી રહે છે. સત્સંગ પણ ચાલતો રહે છે. એમના ભાઇ શ્રી વાઘજીભાઇ એ ચલાવે છે. આજે પણ પૂ. બાવજીની સૂક્ષ્મ હાજરીથી એ સ્થાન ચેતનવંતુ ને ભર્યું ભર્યું લાગે છે. ભાવિકો આવી એનો લાભ લઇ, મનની શાન્તિ ને ટાઢક અનુભવે છે. ઈડરથી આ સ્થાન દસેક કિલોમીટર દૂર આવેલું છે. શ્રી બાવજીના ચરણોમાં અમારા ખૂબ ખૂબ વંદન.

# સર્વ ધર્મ સમભાવ

સંકલન : પ્રાગજી ડોસા

પ્રથમ મિલન થયું ત્યારે શ્રી રામકૃષ્ણ પરમહંસની વર્તાણુંક જોઇ નરેન્દ્રદત્તને લાગ્યું 'આતો કોઇ પાગલ જણાય છે' પરંતુ ઘેર ગયા પછી એ નિર્દોષ અને ભાવવાહી મુખ એમના નયનો સામેથી ખસ્યું નહીં. એમનું મન પોકારી ઊઠ્યું 'સંત તો જણાય છે.' ફરી મિલન થયું ત્યારે હિંમત કરી એમણે પૂછ્યું.

'મહાશય, તમે પ્રભુને જોયા છે?'

'હા જોયા છે. જેવી રીતે તને હું અહીં જોઉં છું તેવી જ રીતે ઈશ્વરને જોઉં છું. જેવી રીતે તારી સાથે વાત કરું છું તેવી રીતે ઈશ્વરની સાથે પણ વાત કરું છું. ફેર માત્ર એટલો જ છે કે ઈશ્વરને વિશેષ સ્પષ્ટતાથી જોઇ શકું છું. ઈશ્વર માટે કોઇ સાચા હૃદયથી આંસુ સારે તો એને જરૂર ઈશ્વરદર્શન થાય.'

નરેન્દ્રને લાગ્યું 'કેવી સચોટતાથી આ સંત કહે છે કે એમણે ઈશ્વરને જોયા છે. એમની વાણી અલૌકિક છે અને અનુભૂતિના ઊંડાણમાંથી આવી રહી છે.' તે પછી શ્રી રામકૃષ્ણે અલૌકિક સ્પર્શ કરી નરેન્દ્રને સમાધિ દશાનો અનુભવ કરાવ્યો. શ્રી રામકૃષ્ણ પ્રત્યેનું આકર્ષણ વધતું ચાલ્યું પણ પિતાશ્રીનુ અવસાન થતાં કુટુંબની જવાબદારી માથે આવી પડી. તેમાંયે પિતરાઇ ભાઇએ મકાન ઉપર પોતાનો હક છે એવો દાવો કર્યો. પરંતુ એમ નમી પડે એવા નરેન્દ્ર નહોતા.

કોર્ટમાં કેસ ચાલ્યો. પિતરાઇ ભાઇએ યુરોપિયન બેરીસ્ટરને



રોકાયો હતો પણ નરેન્દ્ર સ્વબચાવમાં પોતે જ એવી જોરદાર દલીલો કરી કે કોર્ટનો ચૂકાદો એમની તરફેણમાં આવ્યો. યુરોપિયન બેરીસ્ટર પણ એમના વ્યક્તિત્વ અને જે દલીલો કરી તેથી પ્રભાવિત થઇ ગયો.

તે પછી નોકરી માટે નરેન્દ્ર ઘરેઘરના દ્વાર ખટખટાવતો, પણ આ તેજસ્વી યુવાનને જાકારો મળતો. એમના મિત્રોએ પણ મોં ફેરવી લીધું. છતાં ઈશ્વરના અસ્તિત્વ અને એની અપાર કરુણા ઉપરની આસ્થા દૃઢ હતી. એમની કસોટીની પરાકાષ્ટા હતી. એટલામાં એમના અંતરમાં સ્ફુર્ણા થઇ કે મા જગદંબા શ્રીરામ-કૃષ્ણની વાત સાંભળે છે એટલે પહોંચ્યા દક્ષિણેશ્વર અને વિનંતી કરી.

'મારાં દુઃખ દૂર થાય તે માટે મારા વતી આપ માને પ્રાર્થના કરો.'

'ભાઇ, મારાથી એ માગણી ન થાય. તું પોતે જ જઇને માને પ્રાર્થના કર. તું માને માનતો નથી તેથી જ આ ઉપાધિ થઇ છે.' આડકતરી રીતે આ એક સનાતન સૂત્ર હતું કે આદ્યશક્તિમાં અખંડ શ્રદ્ધા રાખનારની ઇચ્છા ફળીભૂત થાય જ.

નરેન્દ્ર મા કાલિને મંદિરે ગયા પણ જે માગવું હતું તે ભૂલી માતાજીના દર્શનમાં એવા એકાકાર થઇ ગયા કે એટલું જ માગ્યું. 'મા, મને તમારી ભક્તિનું દાન કરજો.'

શ્રીરામકૃષ્ણ પાસે જતાં તેમણે પૂછ્યું 'તારું દુઃખ દૂર થાય એ મા પાસે માગ્યું ને?' ત્યારે નરેન્દ્રને યાદ આવ્યું 'ના, એ તો મેં માગ્યું જ નહીં.' ફરી ગયા પણ માની મૂર્તિ જોતાં માત્ર ભક્તિ જ માગી.' આવું ત્રણ વખત બન્યું અને એમને ખાતરી થઇ ગઇ

કે સંસારની માયા છોડી તું મારો ભક્ત બન. ઇતિહાસ સાક્ષી પૂરે છે કે નરેન્દ્ર શ્રી રામકૃષ્ણના શિષ્ય બન્યા, ત્યાગી બની સન્યાસી બન્યા. શ્રી રામકૃષ્ણ જ્યારે દેહ છોડવાના હતા તેના ત્રણ દિવસ પહેલાં નરેન્દ્રને પોતાની પાસે બોલાવ્યા. એમના ઉપર દૃષ્ટિ ઠેરવી ઊંડી સમાધિમાં લીન બની ગયા. તે સાથે નરેન્દ્રને વીજળીનો આંચકો લાગ્યો હોય તેવો અનુભવ થયો. શ્રી રામકૃષ્ણના દેહમાંનો દૈવી સૂક્ષ્મ પ્રવાહ વહી પોતાનામાં સમાઇ ગયો હોય એમ લાગ્યું. શ્રી રામકૃષ્ણ ભાનમાં આવ્યા ત્યારે કહ્યું.

'નરેન! મેં આજે તને મારું સર્વસ્વ આપી દીધું છે. હું ફકીર બની ગયો છું. એ શક્તિવડે તું મહાન કાર્યો કરી શકીશ. પછી તું જ્યાંથી આવ્યો છે ત્યાં પાછો ચાલ્યો જઇશ.'

તા. ૧૬ ઓગસ્ટ ૧૮૮૬ ના દિને શ્રી રામકૃષ્ણ મહાસમાધિમાં લીન બની ગયા. એમણે દીવામાંથી દીવો પેટવ્યો. અને એ દીવાએ બીજી નાની દીવડીઓ ચેતવી. બધા શિષ્યોને એકત્ર કરી વરાહનગરમાં એક ભૂતિયું મકાન ભાડે રાખી મઠની સ્થાપના કરી. ત્યાં ગુરુદેવનાં અસ્થિ પધરાવી રાતના ત્રણ વાગે ઊઠી જપધ્યાન કરતા. પણ નરેન્દ્રના અંતરમાં અજંપો હતો.

'શું પોતાના મોક્ષ માટે જપતપ કરવાં? માનવ સેવા એ પ્રભુ સેવા સમાન છે.' બધા શિષ્યોને એકત્ર કરી પોતાનો વિચાર જણાવ્યો અને શિષ્યો પર્યટને નીકળ્યા. શ્રી મા શારદાદેવી વૃન્દાવન ગયાં હતાં. અભેદાનંદ, શારદાનંદ, પ્રેમાનંદ જગન્નાથપુરી ગયા. અખંડાનંદ તિબેટ તરફ, બ્રહ્માનંદ નર્મદા તીરે જઇ વસ્યા. માત્ર રામકૃષ્ણાનંદ ગુરુદેવના અવશેષની પૂજા માટે મઠમાં રહ્યા.

નરેન્દ્ર વારાણસી ગયા. ત્યાંથી અયોધ્યા, આગ્રા થઇ વૃન્દા-



વનનો માર્ગ લીધો. હાથમાં દંડ, કમંડલ, બે પુસ્તકો અને ગેરુઆ વસ્ત્રોમાં કૌપીન, એક ભગવું વસ્ત્ર અને ઉપર ચાદર ઓઢી હતી. કોઇ પૂછે તો રામ સ્વામી સચ્ચિદાનંદ, કોઇ વાર વિવિદિશાનંદ કહેતા. હવે નરેન્દ્રનાથને બદલે સ્વામીજી તરીકે ઓળખાવા લાગ્યા. વૃન્દાવનમાં શ્રીમાને મળવા જતા હતા ત્યાં માર્ગમાં એક માણસને ચલમ પીતો જોયો. સ્વામીજીને ઇચ્છા થઇ ફૂંક લઇ લઉં. એ માણસને વિનતી કરી પણ એણે કહ્યું 'હું તો ભંગી છું.'

'હું સંન્યાસી છું. મારે વળી નાતજાત કેવી?' એના હાથમાંથી ચલમ લઇ બે દમ લગાવ્યા અને આગળ ચાલ્યા. શ્રી મા શારદાદેવીને મળી એમણે માનવસેવાનું જે કાર્ય ઉપાડયું છે તે માટે આશીર્વાદ માગ્યા. શ્રી માએ એમનો વરદ હસ્ત એમને માથે મૂક્યો અને સ્વામીજીને લાગ્યું ફરી એમનામાં શક્તિ સંચાર થઇ રહ્યો છે.

ત્યાંથી અલવર રાજ્ય, રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, મૈસુર થઇ તેઓ કન્યાકુમારી ગયા. ત્યાં સાગર કિનારાથી થોડે દૂર એક ખડક હતો. તરતા તરતા ત્યાં ગયા અને ધ્યાનમાં મગ્ન બન્યા. અંતરમાં ઊંડાં ઊતરતાં ચેતના જાગી. શું ભારત એટલે માત્ર બંગાળ, મહારાષ્ટ્ર કે પંજાબ? ના, ભારત એટલે એની સંસ્કૃતિ, એનું લોકજીવન પરંતુ લોકોના દિલમાં નિર્બળતા ઘર કરી ગઇ છે. એ દૂર કરવી જોઇએ. સાચા ધર્મનો અભાવ છે. સાચી ધાર્મિકતા જ ભારતનો ઉદ્ધાર કરી શકે. 'એમણે નિર્ણય લીધો કે સાગરપાર અમેરિકા જઇ ભારતના દરિદ્રનારાયણો માટે સહાય મેળવીશ. ભારતની નવરચના અને પુનરુદ્ધારનું કાર્ય પાર પાડીશ.' જે શીલા પર તેઓ બેઠા હતા તે આજે વિવેકાનંદ શીલા તરીકે ઓળખાય છે.

ત્યાંથી તેઓ મદ્રાસ ગયા ત્યારે એમના મિત્રોની ઇચ્છા હતી કે અમેરિકાના શિકાગો શહેરમાં વિશ્વધર્મ પરિષદ યોજાવાની છે તેમાં ભારતના પ્રતિનિધિ તરીકે સ્વામીજી જાય અને તેમણે તેમના જવાના ખર્ચનો ફાળો પણ એકઠો કર્યો. શ્રી મા શારદાદેવીને તેમણે પત્ર લખ્યો અને શ્રી માના આશીર્વાદ મળ્યા. તા. ૩૧ મે ૧૮૯૩ ના દિવસે તેમણે સ્ટીમર મારફત પ્રયાણ કર્યું.

શિકાગો પહોંચ્યા પછી સ્વામીજીને ખબર પડી કે વિશ્વધર્મ પરિષદ તો સપ્ટેમ્બર મહિનામાં છે એટલું જ નહીં પરંતુ તેમાં ભાગ લેવા માટે તમે હિન્દના પ્રતિનિધિ છો તેનો અધિકારપત્ર જોઇએ. પણ મુસીબતોનો સામનો કરવાનું આત્મબળ એમનામાં હતું. વળી ગુરુદેવ અને શ્રી માના આશીર્વાદમાં શ્રદ્ધા હતી.

પૈસા ખૂટવા માંડયા. એટલામાં ટ્રેનમાં કેથેરીન સેનબોર્ન નામની મહિલા સાથે ઓળખાણ થઇ. સ્વામીજી રેશ્મી લાંબો ઝભ્ભો અને માથે ભગવો રેશ્મી સાફો પહેરતા એટલે લોકો એમને હિન્દુ રાજા સમજતા. એ બહેને પોતાને ઘેર આશરો આપ્યો. શિકાગો અને બોસ્ટન મળી તેમણે અગિયાર ભાષણો આપ્યાં અને એક મહિલા મિસિસ હેલ એમને પરિષદના કાર્યાલયમાં લઇ ગઇ. તરત જ એમને હિન્દના પ્રતિનિધિ તરીકે સ્વીકારવામાં આવ્યા.

૧૧ સપ્ટેમ્બર ૧૮૯૩ ના રોજ પરિષદનો પ્રારંભ થયો. જુદા જુદા દેશોમાંથી વિદ્વાનો અને ધર્મધુરંધરો આવ્યા હતા. તેઓ પોતાના ભાષણો લખીને લાવ્યા હતા તે વાંચતા. પહેલાં સજ્જનો અને સન્નારીઓનું સંબોધન કરતા. સ્વામીજીનું નામ પોકારાયું ત્યારે તેઓ મંચની આગળ આવ્યા. એમનું તેજોમય મુખ અને પ્રભાવશાળી વ્યક્તિત્વ જોતાં જ સભા દિંગ થઇ ગઇ. અને એમણે સંબોધન કર્યું.



અમેરિકાના બહેનો અને ભાઇઓ !

જાદુઇ અસર સભાજનો પર ફરી વળી. એક હિન્દુ યોગી બધાને બહેનો અને ભાઇઓ સમજે છે. એની પાછળનું રહસ્ય કે એણે વાસનાનો ત્યાગ કર્યો છે. પૂરા બે મિનિટ સુધી તાળીઓના ગડગડાટથી સભાજનોએ સ્વામીજીને વધાવી લીધા પછી એમણે પોતાના વક્તવ્યમાં જણાવ્યું.

'ધર્મે જગતને સહિષ્ણુતા અને વિશ્વબંધુત્વના પાઠ શીખવ્યા છે. અમે બધા ધર્મો પ્રતિ સહિષ્ણુતા બતાવવામાં માનીએ છીએ, એટલું જ નહીં પરંતુ સર્વ ધર્મો સત્ય છે.... પંથવાદ, ધર્માંધતા અને તેના સંતાન સમું ધર્મઝનૂન—એ સૌએ આ સુંદર પૃથ્વી ઉપર પોતાનો પગદંડો જમાવ્યો છે. આ દૈત્યનું અસ્તિત્વ ન હોત તો માનવસમાજે અનેકગણી પ્રગતિ સાધી હોત....'

સાચો માનવધર્મ કોને કહેવાય તેનો વિશદ ચિતાર સ્વામીજીએ આપ્યો અને તેઓ વિશ્વવિખ્યાત વિભૂતિ બની ગયા. આજના સમયમાં પણ આ ભાષણ કેટલું અસરકારક છે! તેઓ સ્વદેશ પાછા ફર્યા અને ભારતે એમનું ભવ્ય સ્વાગત કર્યું. સ્વામીજી શ્રી મા પાસે ગયા અને કહ્યું ' આ બધો ગુરુદેવ અને તમારો પ્રતાપ છે.'

## સુધારો

અધ્યાત્મના ડીસેમ્બર '૯૨ ના અંકમાં 'ઈશ્વરોપાસનાં'નાં લેખમાં લેખકનું નામ અંબાલાલ બ. પટેલને બદલે અંબાલાલ વ. પટેલ વાંચવા વિનંતિ છે. —તંત્રી

# એકાગ્રતા

કમલ સુથાર

મનની એકાગ્રતાથી જ સર્વ કાર્ય સિદ્ધ થાય છે. તે પછી લૌકિક કાર્ય હોય કે આધ્યાત્મિક. સામાજિક ક્ષેત્રનું કાર્ય હોય કે વૈજ્ઞાનિક જગતનું. આ બધાંય કાર્યોમાં સફળતા મેળવવા માટે જરૂરી છે મનની એકાગ્રતાની. મનની એકાગ્રતાથી જ ભક્તિ ફળે છે. આત્મસાક્ષાત્કાર થાય છે. ભગવાન પ્રસન્ન થાય છે. એટલે જ તો એક પરમ અનુભવી કવિ કહે છે :

જપ માલા છાપા તિલક સરે ન એકો કામ।
મન કાંચો નાચે વૃથા સાંચે રાચે રામ॥

મનની એકાગ્રતાથી જ ભગરાન પ્રસન્ન થાય છે. માત્ર બાહરી ક્રિયાકાંડથી નહીં.

જે સમયે જે કામ કરતા હોઈએ તેમાં જ મનને એકાગ્ર કરવું જોઇએ. એક સાથે અનેક કામોમાં મનને વહેંચવાથી કોઇ કામમાં ભલીવાર આવતો નથી. એક કામમાં મન એકાગ્ર કરવાથી કામ જલદી ને સારી રીતે સફળ બને છે. આ માટે જ એક કવિ કહે છે :

એક સાધે સબ સધૈ સબ સાધે સબ જાય।

વૃક્ષના કેવળ મૂળમાં પાણી સિંચવાથી વૃક્ષ લીલુંછમ રહે છે. પણ કોઇ અલગ અલગ પાંદડાં અને ડાળીઓ ઉપર પાણી રેડયા કરે તો કંઇ જ લાભ થતો નથી. ઉલ્ટાનું વૃક્ષ સૂકાઇ જાય છે. અને મહેનત પણ વ્યર્થ જાય છે. એક સમયે એક જ કાર્યમાં મન



પરોવવાથી મહેનત ફળે છે. કાર્ય સિદ્ધ થાય છે.

મહારાષ્ટ્રમાં સ્વામી જનાર્દન નામે એક પરમજ્ઞાની સમર્થ સંત થઇ ગયા. તેમના એક સદ્‌શિષ્ય હતા. નામ તેમનું એકનાથજી. તે સદ્‌ગુરુ જનાર્દનના સાન્નિધ્યમાં રહેતા. નિષ્ઠાપૂર્વક તે ગુરુસેવા કરતા. અને સદ્‌ગુરુ પાસેથી જ્ઞાનાર્જન કરતા. ગુરુ આદેશનું પાલન કરતા. એક વાર સ્વામી જનાર્દને તેમને હિસાબી કામ સોંપ્યું.

એકનાથજી ભારે ઉત્સાહી હતા. પરિશ્રમી હતા. મંડયા હિસાબ મેળવવા. એક ધ્યાન. એક ચિત્ત. બસ હિસાબી કાર્યમાં લીન. રાત પડી. પણ હિસાબ મળે નહિ. હિસાબ મેળવતાં–મેળવતાં એક પૈસાની ભૂલ આવે. ભૂલ શોધવા ભારે મથામણ કરે. રાત વીતવા લાગી. મન હજુય કામમાં જ એકાગ્ર. ન ભૂખની પરવા ન તરસની. ભૂલ પકડાય નહીં. પણ નિરાશ થાય નહીં. બેધ્યાન થાય નહીં. આખરે મોડી રાતે હિસાબની ભૂલ પકડાઇ. કાર્ય સફળ થયું. મન આનંદિત થયું. તેમનાથી આનંદાતિરેકમાં ચિસ પડાઇ ગઇ. બાજુના રૂમમાં સૂતેલા સદ્‌ગુરુ જનાર્દન સ્વામી જાગી ગયા. તે એકનાથજી પાસે ગયા. ત્યારે ચિસનું કારણ જાણ્યું. ગુરુને વંદન કરી હિસાબી કામ પૂર્ણ કર્યાની વાત કરી. સ્વામીજી પ્રસન્ન થયા. એકનાથજીને ધન્યવાદ આપતાં બોલ્યા :

"બેટા, જેટલી એકાગ્રતાથી તેં આ હિસાબી કામ પૂર્ણ કર્યું. તેટલી જ એકાગ્રતાથી તું મન પ્રભુભક્તિમાં પરોવી દે. જરૂર ભક્તિ ફળશે અને પ્રભુ પ્રસન્ન થશે."

એકનાથજીએ ગુરુઆજ્ઞા માથે ચડાવી. એકાગ્રતાથી પ્રભુ-ભક્તિમાં લીન બન્યા. અને સમય જતાં તે આત્મસાક્ષાત્કાર કરવામાં સફળ થયા. તે વંદનીય સમર્થ સિદ્ધ સંત થયા.

વૈજ્ઞાનિક જગતમાં જે જે વિજ્ઞાનીઓ નવાં—નવાં સંશોધનો કરે છે. અને તેમાં સફળતા મેળવે છે. તેઓ એકાગ્ર ચિત્તથી જ સંશોધનકાર્યમાં રત રહે છે. ત્યારે જ તે માનવ—કલ્યાણ હેતુ સંશોધન કાર્યમાં જ્વલંત સફળતા મેળવે છે.

પાણીની ધારાઓ નાનાં—નાનાં વહેણોમાં વહેતી હોય, અલગ—અલગ દિશાઓમાં વહેતી હોય તો તેમાં એટલો પ્રચંડ વેગ નથી હોતો જેટલો આ વિભિન્ન ધારાઓ એક બનીને નદીના રૂપમાં વહેતી હોય છે. નદીના વહેતા પ્રવાહમાં પ્રચંડ શક્તિ છે. એને બંધ બાંધી રોકી જળાશય બનાવાય છે. તેમાંથી નહેરો કાઢી ધરતીને હરિયાળી બનાવી શકાય છે. તેમાંથી વિજળી ઉત્પન્ન કરી શકાય છે. મન વિભિન્ન દિશાઓમાં દોડે તો એની શક્તિ વેડફાઇ જાય છે. પણ જો તેને એકાગ્ર કરવામાં આવે તો એ પ્રચંડ શક્તિનું રૂપ ધારણ કરે છે. અને અસંભવિત કાર્યો ને પણ સંભવિત બનાવે છે. આ મનની એકાગ્રતાની શક્તિથી અનેક સિદ્ધિઓ સાધકના ચરણોમાં આળોટે છે. અનેક સફળતાઓ તેના ચરણ ચૂમે છે. એ સુખનો અધિકારી બને છે. સમૃદ્ધિનો અધિકારી બને છે. મનને એકાગ્ર કરી તે શ્રેયના પુરુષાર્થમાં રત રહે છે તો પરમાત્માનંદનો ભોક્તા બને છે. જીવન્મુક્ત બને છે. એટલે જ તો પરમ અનુભવી સંતો, મહાત્માઓ, જ્ઞાનીઓ, વિજ્ઞાનીઓ, પ્રબુદ્ધો એકાગ્રતાથી કાર્ય કરવાનું પ્રબોધે છે. આવાજ એક પરમ અનુભવી સંત કહે છે :

"મેરુ ડગે પણ જેનું મન ડગે નહીં."

અર્થાત્ પહાડ વિચલિત થાય પણ જેનું મન પ્રભુભક્તિમાંથી વિચલિત ન થાય એવા વિરલા જ પરમપદના અધિકારી બને છે.



# ભક્ત દામાજી

લેખક : **ભીખાભાઇ પટેલ**
સંકલન : **ઝિંઝુવાડિયા કનૈયાલાલ**

ગોવલકોંડા રાજ્યમાં, મંગલબેડા પ્રાંતમાં, ભગવાન પાંડુ-રંગના અનન્ય ઉપાસક ભક્ત દામાજી પંત રહેતા હતા. ત્યાંના રાજકારભાર સંબંધી કામ પરમ ભક્ત શ્રી દામાજીને સોંપવામાં આવેલ હતો. પોતાને સોંપેલી કારભારની જવાબદારી ન્યાયપૂર્વક અને પ્રમાણિકતાથી બજાવતા હતા. દંપતી દિવસનો મોટોભાગ પ્રભુની આરાધનામાં જ વ્યતીત કરતાં.

મહારાષ્ટ્રમાં ઉપરાઉપરી બાર વર્ષ સુધી વરસાદ ન થવાથી ભારે દુકાળ પડયો. હજારો પશુ—પંખીઓ નાશ પામ્યાં. લોકો ઝાડની છાલ અને પાંદડાં ખાઇ નિર્વાહ કરતાં.

વિક્રમ સંવત ૧૩૦૦ ની સાલમાં બનેલી આ સત્ય—ઘટના છે. દુકાળથી પીડાતી પ્રજાનું કષ્ટ દામાજીથી જોવાતું ન હતું. અન્ન માટે મનુષ્યોને તરફડતા જોઇ, તેમનું હૃદય વલોવાઇ જતું. તેમને વિચાર આવ્યો કે આ કપરા સમયમાં જો રાજ્યનો આ અન્ન—ભંડાર કામ ન આવે તો તેવી બાદશાહની મિલ્કતને શું કરવાની? આવા શુભકાર્યમાં વળી ઢીલ શી કરવાની? દામાજીએ તુર્ત જ નિર્ણય લઇ લીધો અને રાજ્યનો અન્નભંડાર લોકો માટે ખુલ્લો મૂકી દીધો. ભૂખથી વ્યાકુળ હજારો મનુષ્યો મરતાં બચી ગયાં. ભક્ત દામાજીએ અસહાય પ્રજાને મદદ કરી, આથી તેમનો યશ વધવા લાગ્યો. કેટલાક ઈર્ષાળુ લોકોને આ ખૂંચવા લાગ્યું. તેમણે

બાદશાહને ચિઠ્ઠી લખી ભંભેરણી કરી કે, દામાજીએ પોતાની કીર્તિ માટે બધું અન્ન લુચ્ચા–લફંગાઓને લૂંટાવી દઈને, શાહી અન્નભંડારો ખાલી કરી નાંખ્યા છે.

પત્ર મળતાં જ બાદશાહ લાલ પીળો થઈ ગયો. તુર્ત જ દામાજીને પકડી પોતાની સમક્ષ હાજર કરવાનો હુકમ કર્યો. બાદશાહની આજ્ઞા થતાં જ એક સેનાપતિ સૈનિકોને લઈ મંગલ-બેડા રવાના થયો અને દામાજીના ઘરને ઘેરો નાંખ્યો. દામાજી પંત તે સમયે શ્રી પાંડુરંગની પૂજા કરી રહ્યા હતા. બાદશાહના સિપાહીઓ આવ્યા હોવાની તેમને જાણ કરવામાં આવી, પરંતુ તેઓ તો પ્રભુભક્તિમાં મસ્ત હતા. આજુબાજુમાં શું બને છે તેનું તેમને ભાન ન હતું.

આ તરફ વિલંબ થતો જોઈ સેનાપતિ અકળાયો અને ઘરમાં આવી બૂમો પાડવા લાગ્યો. દામાજીની પત્નીએ આવીને નિર્ભયતાથી ઉત્તર આપ્યો. "તેઓ હમણાં પૂજા–પાઠ કરે છે તેથી થોડીવાર પછી તમને મળશે."

સેનાપતિએ કહ્યું, "હું એ કંઈ ન જાણું. હું હમણાં જ તેમને મળવા માગું છું."

પરમાત્માનો અનાદર થતો સાંભળી ન શકતાં પતિવ્રતા સ્ત્રીએ કડક શબ્દોમાં કહ્યું, "અધીરા થવાની જરૂર નથી. એમનો નિત્યક્રમ પૂરો થાય નહીં ત્યાં સુધી કોઈ અંદર પ્રવેશ કરી શકશે નહીં."

પતિવ્રતાના મહાતેજ સામે સેનાપતિ ઝંખવાણો પડી ગયો. તેનું બળ લુપ્ત થઈ ગયું. ધીમા અવાજે જણાવ્યું. "ભલે. પરંતુ હું આવ્યો છું એવી ખબર કહેવડાવો."



થોડીવારમાં પૂજા સમાપ્ત થઈ. આમ અચાનક સૈનિકોનું આગમન થવાથી દામાજી સમજી ગયા કે ભંડારો લૂંટાવી દેવાનું કારણ જ હોવું જોઈએ. પત્નીને કહ્યું, 'ભગવાનનું દરેક વિધાન યોગ્ય જ હોય છે. પ્રજાનું રક્ષણ કરી મેં મારી ફરજ બજાવી છે અને આ શુભ કાર્યથી ભગવાન પાંડુરંગ જરૂર પ્રસન્ન થયા હશે. હવે બાદશાહને ભલે જે સજા કરવી હોય તે કરે. મને તેની ચિંતા નથી. આમ કહી હસતા હસતા ઘરની બહાર આવ્યા. સેનાપતિ તો તેમની શાંત મુખમુદ્રા જોઈ આભો જ બની ગયો. તેણે શાંતિથી કહ્યું, 'બાદશાહના આ આજ્ઞાપત્ર અનુસાર આપને તેમની સમક્ષ હાજર કરવાનો મને આદેશ છે.'

દામાજી પત્ની પાસે આવ્યા અને કહ્યું આ લોકો મને પકડવા માટે જ આવ્યા છે. હું આપની રજા લેવા આવ્યો છું. ભક્તિના રંગે લંગાયેલી પત્નીના મુખ ઉપર તો આનંદ જ છવાયેલો હતો. પતિનો ચરણસ્પર્શ કરી તેણે કહ્યું, 'ભગવાન પંઢરીનાથે આપને પ્રભુભક્તિ માટે એકાંત મળે તેથી જ આવી યોજના ઘડી હશે. આપ શાંતિથી પ્રભુભજન કરજો. દુઃખ એટલું જ છે કે એટલો સમય હું આપની સેવાથી વંચિત રહીશ.'

દામાજીએ પ્રસન્નતાપૂર્વક વિદાય લીધી અને સેનાપતિ પાસે આવ્યા. દામાજીના બંને હાથોમાં બેડીઓ પહેરાવી દેવામાં આવી. દામાજી પ્રભુસ્મરણ કરતા કરતા સેનાપતિની પાછળ ચાલવા લાગ્યા.

ગોલકોંડાના માર્ગમાં મહાતીર્થ પંઢરપુર આવતું હતું. ભક્તને પ્રભુના દર્શન કરવાની તાલાવેલી લાગી. તેથી સેનાપતિની પરવાનગી મેળવીને ભક્તરાજ મંદિરમાં દર્શન કરવા ગયા.

મંદિરમાં પ્રવેશ કરતાં જ તેઓ ભાવાવેશમાં આવી ગયા અને શરીરની શુદ્ધિ પણ ન રહી. થોડા સમય પછી સ્વસ્થ થઇ ભગવાનની મૂર્તિ સમક્ષ બોલ્યા. 'હે પ્રભુ! હું તો આપની ઇચ્છાને આધીન છું. પરંતુ હે નાથ! અન્યાયી શાસકનું અન્ન ખાધાનું આ ફળ મળ્યું! આટલું બોલતાં તેમની આંખોમાંથી અશ્રુધારા વહી રહી!

બાદશાહ સિંહાસન પર બેઠો હતો. સેનાપતિને આવતાં વિલંબ થવાથી ચિંતાતુર હતો. આધિરાઇ અને ક્રોધ વધતો જતો હતો. એવામાં કમર ઉપર એક જ કપડું વીંટાળેલો શ્યામસુંદર અને ગામડિયા જેવો લાગતો એક નવયુવક દરબારમાં આવી પહોંચ્યો. તેની મનોહર આકૃતિ જોઇ લોકો મંત્રમુગ્ધ થઇ ગયા. તેના ખભે કાળી કામળી અને હાથમાં લાકડી હતી, તે નિર્ભયતાથી બાદશાહ પાસે આવી કહેવા લાગ્યો, 'બાદશાહ સલામત! હું દામાજી પંતનો ચાકર છું.'

દામાજીનું નામ સાંભળતાં જ બાદશાહ ઉત્તેજીત બની બોલ્યો, 'તારું નામ શું?'

'સરકાર! મારું નામ વિઠુ છે.'

'તું કેમ આવ્યો છે?' બાદશાહે પૂછ્યું.

'અપરાધ માફ કરો, કારમા દુષ્કાળમાં પોતાની વહાલી પ્રજાને ભૂખે મરતી જોઇ મારા માલિકે કોઠારનું અન્ન વહેંચી દીધું હતું. એના બધાં નાણાં ચૂકવવા આ કોથળી સાથે મને મોકલ્યો છે, તો પૈસા લઇ મને પહોંચ આપવાની મહેરબાની કરો!'

આ સાંભળી બાદશાહના આશ્ચર્યનો પાર ન રહ્યો. પોતાને જે કરવું જોઇએ તે શુભકાર્ય એક સૂબાએ કર્યું છતાં તેને પકડી



લાવવાનો આદેશ આપવા બદલ બાદશાહને પસ્તાવો થવા લાગ્યો.

વિઠુની મનમોહક દેહાકૃતિ તથા મધુર અને તેજસ્વી આંખો જોઇ સુલતાન તો આભો જ બની ગયો હતો! તેણે પૂછ્યું, 'ભાઇ વિઠુ! રૂપિયા ક્યાં છે?' બગલમાંથી એક નાની કોથળી કાઢી વિઠુએ કહ્યું, 'લ્યો, આ પૈસા જમે કરી જલ્દી મને પહોંચ લખાવી આપો.'

બાદશાહ તો વિઠુની પાછળ ઘેલો બની ગયો હતો. પરંતુ વિઠુએ ઉતાવળ કરાવી તેથી કહ્યું, 'સામે ખજાનામાં જમા કરાવીને પછી મને મળી જજે.'

વિઠુ ખજાનામાં પહોંચ્યો. ત્યાં ખજાનચી પણ તેનું રૂપ જોઇ મોહ પામ્યો. તેવામાં બીજું આશ્ચર્ય થયું. તે જેવી થેલી ખજાનામાં કઠાલવતો તેવી જ થેલી પાછી ભરાઇ જતી. છેવટે થાકીને ખજાનચીએ પૂરા પૈસા મળ્યાની રસીદ બનાવી આપી.

વિઠુ બાદશાહને મળી, રસીદ ઉપર તેમની સહી લઇ ત્યાંથી વિદાય થયો. બાદશાહે તુર્ત જ સિપાહીને બોલાવી સેનાપતિ પાસે મોકલ્યો અને ફરમાવ્યું કે દામાજીને સાદર તેડી લાવો.

કેદી દામાજી, પંઢરપુરથી ઘણે આગળ આવી ગયા હતા. એક દિવસ સવારમાં સ્નાન કરી એકાંત સ્થાનમાં પૂજા કરવા બેઠા. પાઠ કરવા પોતાની 'ભગવદ્ ગીતા' ઉઘાડી તો તેમણે લુંટાવેલા અન્નભંડારોની પૂરી કિંમત બાદશાહને ચૂકવી આપવામાં આવી છે તેવી મતલબનો બાદશાહની સહી તથા સિક્કાવાળો કાગળ જોઇ દામાજીને ખૂબ જ આશ્ચર્ય થયું! તે વિચારવા લાગ્યા કે આ રકમ કોણે ચૂકવી હશે? તે વિશે કંઇ વધારે વિચારે એવામાં જ બાદશાહે રવાના કરેલ દૂત આવી પહોંચ્યો. અને બાદશાહનો પત્ર

સેનાપતિને આપ્યો. પત્ર વાંચી દામાજીને બંધનમુક્ત કરવામાં આવ્યા અને મમતાભર્યું વર્તન શરૂ કરવામાં આવ્યું.

વિઠુની વિદાય પછી, બાદશાહ પણ ખાવા-પીવાનું છોડી, વિઠુની મોહક માધુરીમાં જ ખોવાયેલો રહેતો હતો. બાદશાહ જાતે રાજધાનીની બહાર તેની તપાસ કરવા ચાલી નીકળ્યો અને વિઠુના નામના પોકાર પાડવા લાગ્યો. એવામાં સામેથી સેનાપતિ સાથે દામાજીને આવતા જોઈ બાદશાહ દોડયો અને પૂછવા લાગ્યો. 'દામાજી! વિઠુ ક્યાં ગયો? જલદી બતાવો. મને એક વાર મન ભરીને તેને નિહાળી લેવા દો.'

દામાજીના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેણે પૂછ્યું, 'કોણ વિઠુ? હું કોઈ વિઠુને ઓળખતો નથી.'

'અરે વિઠુ તમારો સેવક. જેની મારફત તમે ભંડારની રકમ મોકલી હતી. એના એક ખભે કાળી કામળી હતી અને હાથમાં લાકડી હતી.'

હવે દામાજી પૈસાની પહોંચનું રહસ્ય સમજી ગયા. એમના નેત્રોમાંથી અશ્રુધારા વહેવા લાગી.

'બેદરીના બાદશાહને ધન્ય છે જેમણે મારા પ્રભુનાં સાક્ષાત્ દર્શન કર્યાં. હે પ્રભુ! આપે મારા માટે શા માટે તકલીફ ઉઠાવી? મેં બાદશાહનો ગુનો કર્યો હતો અને સજાનું ફળ ભોગવવા હું તૈયાર હતો, છતાં આપને મારા બચાવ માટે આટલી દોડાદોડ કરવી પડી તેથી હું લજ્જિત થયો છું.' એમ કહી દામાજી વિહ્વળ બની 'પાંડુરંગ, પાંડુરંગ' એમ પોકારવા લાગ્યા.

ભક્ત દામાજી તથા બાદશાહની વિહ્વળતા જોઈ, દયાસાગર ભગવાને બંનેને પુનઃદર્શન આપી તેઓની ઈચ્છા પૂર્ણ કરી.



(જીવનમાં સુખમાં છકી ન જાય અને દુઃખમાં પણ પ્રભુ-ભક્તિમાં મસ્ત રહે, સુખ-દુઃખની હરેક ક્ષણને પ્રભુનો પ્રસાદ સમજી આનદમાં જ રહે એવો સમર્પણ ભાવ જે ભક્તમાં હોય તેમની વહારે પ્રભુ દોડી આવી ભક્તનાં કાર્યો કરે, મૂર્તિમાંથી માધવને પ્રગટ થવાની ફરજ પડે તેમાં શું આશ્ચર્ય?)


પ્રભુવિણ જે કંઈ અન્ય તે, જાણો સૌ દુઃખરૂપ;
કાં હમણાં કે કાં પછી, પાડે તે ભવકૂપ. નાથભગવાન્

IS : 10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨

## When God Made Daughters.

When God created daughters
He took very special care
To find the precious treasures
that would make them sweet
and fair..

He gave them smiles of angels,
then explored the midnight skies
And took a bit of stardust
to make bright and twinkling eyes.

He fashioned them from sugar
and a little bit of spice
He gave them sunny laughter
and every thing that's nice.

He smiled when he made daughters
because he knew He had
Created love and happiness
for every mom and dad.

– **Makarand Dave**
(Nandigram) Via, Valsad



## * જ્યારે વિધાતાએ દીકરી સરજી *

વિધાતાએ દીકરી ઘડીને ત્યારે ઝીણી ઝીણી
કસબી હાથેથી એણે કરી શી કમાલ!
રૂપનો અંબાર કરું, મીઠપ અપાર ભરું,
ખજીનો ખુટાડી કરું ખલકને ન્યાલ.

દેવીયું કનેથી માગી લીધો મલકાટ,
અને મધરાત કેરા માપી સીમાડા સુદૂર,
ચપટીક રજલીધી નખેતર તણી
અને દીકરીને આંખે ભર્યાં દમકતાં નૂર.

સાકરનો લઈને સવાદ! એણે દીકરીમાં,
તજને લવિંગ વળી ભેળવ્યાં જરીક,
સૂરજનાં ધોળાં ફૂલ હાસ ને હુલાસ દીધાં,
જોઈ કારવીને કીધુ, હવે કાંક ઠીક.

વિધાતાએ દીકરી ઘડીને વળી જોઈ જોઈ,
વારે વારે હસુ હસુ થાય એનું મુખ,
હૈયે એને હાશ, હર માવતર કાજે ધર્યું,
હર્યું ભર્યું હેત, નર્યું નીતર્યું આ સુખ.

— મકરંદ દવે
(નંદીગામ).

## પ. પૂ. શ્રી યોગેશ્વરજીના નિર્વાણદિન નિમિત્તે
# ૧૮ માર્ચની શિબિર ના યોજવા નિર્ણય

હાલ ગુજરાતમાં અને દેશના અન્ય ભાગોમાં અશાન્ત પરિસ્થિતિ છે. તેમાં અનેક પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવ્યાં છે કેટલાંય પરિવારો બરબાદ થઇ ગયાં છે. પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી તો માનવતાવાદી મહાસંત હતા. એમને મન ધર્મ કે કોમના કોઇ ભેદ ના હતા. આજે ધર્મના નામે જે માનવ સંહાર થઇ રહ્યો છે, તેનાથી તે મહાપુરુષ અવશ્ય વ્યથિત થાત. એ સંદર્ભમાં વિચારતાં છેલ્લાં છ સાત વર્ષોથી સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પૂ. શ્રી યોગેશ્વરજીના નિર્વાણદિન નિમિત્તે ૧૮ મી માર્ચે યોજાતી ધ્યાન સાધના શિબિર ન યોજવાનું નક્કી કર્યું છે.

તો સ્વાભાવિક પ્રશ્ન થાય કે તે દિવસે શું કરવું? આ અંગે માર્ગદર્શન આપતાં પૂ. મા શ્રી સર્વેશ્વરીએ જણાવ્યું છે કે પૂ. મહાત્માજી તો વ્યક્તિગત ઐકાંતિક સાધનામાં માનતા. એટલે તે દિવસે સાધકો ઉપવાસ કરે, મૌન રાખે, જે નિર્દોષ લોકો આ રમખાણોનો ભોગ બન્યા છે તેમના આત્માની શાન્તિ માટે પ્રાર્થના કરે, પોતાના સાધનાત્મક જીવનનું સરવૈયું કાઢે, વિષ્ણુસહસ્ર, શિવ-મહિમ્ન તેમ જ અન્ય ધર્મગ્રંથોનું વાંચન અને પરિશિલન કરે.

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી પણ તે દિવસોમાં આખું સમાહ જ્યાં હશે ત્યાં **મૌન પાળશે** ને સર્વમૃતાત્માઓ માટે પ્રાર્થના કરશે. પ્રકાશના પંથેની લેખન સ્પર્ધા પરીક્ષા, જ્યારે પણ શિબિર યોજાશે ત્યારે લેવાશે.



# રામકથા

( ગતાંકથી ચાલુ) **યોગેશ્વરજી**

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

ત્રિજટા તરફથી આપવામાં આવતા આશ્વાસનના અનુસંધાનમાં સીતાએ કહ્યું : 'આના કરતાં તો મારું શરીર શાંત થઇ જાય તો સારું; પરંતુ એને માટે પણ ભાગ્ય જોઇએ ને? મૃત્યુ કાંઇ ભાગ્ય વિના મળે છે? મારું ભાગ્ય એવું ઊલટું છે કે મૃત્યુને પણ મારી દયા નથી આવતી.'

'હજુ તો તારે ઘણું લાંબુ જીવવાનું છે.' ત્રિજટા બોલી : 'મૃત્યુને હજુ ઘણી વાર છે. એ કાંઇ એટલું વહેલું નથી આવવાનું.'

'રામ વિનાનું જીવન એક રીતે જોતાં મૃત્યુરૂપ જ છે. આવા જીવન કરતાં સાચું મૃત્યુ હજાર દરજ્જે સારું.'

'પરંતુ એ કાંઇ કોઇના હાથમાં છે? એ તો અત્યારે રામના વિયોગને લીધે એવું લાગી આવે છે પણ પાછળથી રામનો સંયોગ થશે ત્યારે જીવન ઉત્સવરૂપ બની જશે. એ વખતે મૃત્યુનું નામ લેવાનું પણ નહિ ગમે.'

'પરંતુ એવો સોનેરી સમય ક્યારે આવશે? રામનો સંયોગ ક્યારે થશે?

'થોડા વખતમાં જ થઇ રહેશે.'

'હજુ થોડો વખત?

'હા, થોડો વખત તો રાહ જોવી પડેને?

'મારું હૃદય હવે વધારે રાહ જોઇ શકશે?

લાંબા વખત લગી સીતા એવો વિવિધ વિલાપ કરતી રહી.

મંદોદરીએ અશોકવાટિકામાંથી બહાર નીકળતી વખતે વિભીષણને કહ્યું : 'સીતાની અસાધારણતાનો ખ્યાલ આવી ગયો ને?

'આવી ગયો.' વિભીષણે ઉત્તર આપ્યો : 'પ્રેમ અને પવિત્રતાની

આટલી બધી પરાકાષ્ઠા સીતા વિના બીજા કોઇના જીવનમાં ભાગ્યે જ જોવા મળી શકે. એના પ્રત્યેનો મારો પ્રેમ તેમ જ પૂજ્યભાવ એને મળ્યા પછી વધી ગયો છે. રાવણે એને મોટો અન્યાય કર્યો છે. એ એને નથી સમજી શકતો એ દુઃખદ છે.'

'સમજી શકે છે પણ વેરભાવ તેમજ મિથ્યાભિમાનને લીધે એ આવું કુકર્મ કરી બેઠા છે. મને અશોકવાટિકામાં રાખીને જો એ સીતાને છોડી શકતા હોય તોપણ સીતાને બદલે અશોકવાટિકામાં રહેવાની મારી તૈયારી છે.'

'રાવણ એ વાત નહિ માને. કોઇનું કહેવું કદાચ નહિ માને. એ પોતાને મહાબુદ્ધિમાન માને છે.'

'તો પછી?'

'તો પછી બીજું શું? એ હાથે કરીને પોતાનો નાશ નોતરશે.'

'મને પણ એવું જ લાગે છે. એમણે મારી શિખામણ પણ ના માની એટલે મને એવી જ આશંકા થયા કરે છે. લંકા લાંબા વખત લગી કે કાયમને માટે સલામત નહિ રહે.'

'સલામત ધર્મ અથવા નીતિ ને ન્યાય જ રહે છે. અધર્મ, અનીતિ અને અન્યાયની સલામતી કદી પણ નથી હોતી. એ તો આખરે નાસીપાસ અને નિષ્ફળ જ થાય છે.'

બીજે દિવસે રાવણ ધરતીને ધ્રુજાવતી ચાલે ચાલતો, મદોન્મત બનીને, અશોકવાટિકામાં આવી પહોંચ્યો.

સીતાએ એના તરફ ધ્યાનપૂર્વક જોયું પણ નહિ.

એણે પોતાની દૃષ્ટિ ધરતી પણ ઢાળી દીધી.

રાવણે શાંતિથી કહ્યું : 'તું મારા તરફ જો તો ખરી! મેં એવો કયો અપરાધ કર્યો છે કે તું તારી અમીમય આંખને ઉપર પણ નથી ઉઠાવતી?'

સીતા નિરુત્તર રહી એટલે રાવણ બોલી ઊઠયો : 'મારો અપરાધ એ છે કે હું તારે માટે મમતા રાખું છું ને તને મારી કરવા માગું છું?'

સીતાને વાચા ફૂટી.



એણે દૃષ્ટિને ધરતી પર ઢાળેલી રાખીને ઉત્તર આપ્યો : 'તારો અપરાધ ઘણો મોટો છે. તેં પરસ્ત્રીનું હરણ કરીને તેને તારી કરવાનો મનોરથ કર્યો છે, પરંતુ તારો એ મનોરથ નકામો જશે.'

રાવણ અટ્ટહાસ્ય કરીને બોલ્યો : 'મારે માટે પરસ્ત્રી જેવું કશું જ નથી. તારા પર મને પ્રીતિ થઇ છે. તારી લોકોત્તર સુંદરતાને જોઇને મારું મન મોહિત થયું છે.'

'એ પ્રીતિ અને મોહિની ઘાતક સાબિત થશે.'

'હું એવો ભય નથી રાખતો. ભય અને પ્રીત બને સાથે નથી થઇ શકતાં. મને એવો ભય હોત તો તને પંચવટીમાંથી ઉપાડીને આટલે દૂર લાવત જ નહિ. હું તદ્દન નિર્ભય છું તથા તને ગમે તે ભોગે મારી કરવા કૃતનિશ્ચય છું. હા, એક વાત જરૂર યાદ રાખજે કે તારી ઇચ્છા વિના તને હાથ પણ નહિ લગાડું.'

'એ વાતનું મને સ્મરણ છે. અને મારી ઇચ્છા વિરુદ્ધ, તું મને કાંઇ જ નથી કરી શકે તેમ, એ વાતને તું પણ યાદ રાખજે. મારી પવિત્રતામાં અને રામ પ્રત્યેના મારા પવિત્ર પ્રેમમાં મને એટલો વિશ્વાસ છે. એમાં એવી શક્તિ છે કે તું મને મારી ઇચ્છા વિરુદ્ધ નહિ નમાવી શકે. પરંતુ તને એટલો વિચાર આવે છે કે તારા આ અપરાધના છાંટા તારા કુળ સાથે આખી યે લંકાને ઊડી રહ્યા છે? તારા સહિત આખી લંકાના સર્વનાશનો સમય સમીપ આવ્યો છે એ તું જાણે છે?'

રાવણ રોષે ભરાઇને બોલ્યો : 'મારો ને મારા કુળનો તથા લંકાનો નાશ કોણ કરવાનું છે? મારો નાશ કરવાની તાકાત જ કોનામાં છે? મારો નાશ તું કરવાની છે?'

'લંકાનો તથા તારા જેવા કુકર્મીનો નાશ મારાથી તો નહિ થાય પરંતુ રામ કરશે. રામની સામે તું સલામત નહિ રહી શકે.'

'તું હજુ નાદાન છે એટલે ઊંડો વિચાર નથી કરી શકતી. તને ખબર નથી કે, લંકા ચારે બાજુથી વિશાળ સાગરથી ઘેરાયેલી છે. એ સાગરને પાર કરવાનું કામ રામને માટે તો શું પરંતુ બીજા કોઇને ય માટે મુશ્કેલ છે.

રામ સાગરને પાર કરીને લંકામાં આવી શકે તેમ જ નથી. એટલે એમની આશા રાખતી હોય તો એ આશા નિરર્થક ઠરશે. વળી મારા તપની તથા તે તપદ્વારા મને સાંપડેલી સિદ્ધિની પણ તને ખબર નથી. મને મળેલા વરદાનની વાત જો જાણતી હોત તો તારી બધી હઠ છોડીને તું વહેલી તકે મારી બનવા તૈયાર થાત. મારું વરદાન જ એવું છે કે મને કોઇ મારી જ ના શકે.'

સીતા જરા વિચારમાં પડી.

એને થયું કે રાવણ આ શું કહી રહ્યો છે! એ સાચું બોલે છે કે ખોટું?

એને વિચારમાં પડેલી જોઇને રાવણ બોલ્યો : 'મને મળેલા વરદાનના પ્રભાવથી યુદ્ધમાં મારી બરાબરી કોઇ જ નથી કરી શકે તેમ. હું અજેય અને અમર છું. મેં કરેલા કઠોર તપ વિશે તું કશું જ નહિ જાણતી હોય. મહર્ષિ પુલસ્ત્યના સુપુત્ર મુનિવર વિશ્રવા મારા પિતા થાય ને રાક્ષસશ્રેષ્ઠ સુમાલીની પુત્રી કૈકસી મારી માતા.'

સીતાએ કહ્યું : 'તારી માતા રાક્ષસશ્રેષ્ઠ સુમાલીની પુત્રી હતી, એટલે તારી અંદર એના જ રાક્ષસી સંસ્કારો ઊતરી આવ્યા છે. તારાં દુષ્કર્મોનું મૂળ તારી માતાના કુસંસ્કારોમાં રહેલું છે એની સમજ મને પડી ગઇ.'

રાવણે તરત જ કહ્યું : 'તારી એ સમજ ખોટી છે. મારી માતા રાક્ષસશ્રેષ્ઠ સુમાલીની પુત્રી હોવા છતાં ઉત્તમ પ્રકારના સદ્‌ગુણો તથા સંસ્કારોથી સંપન્ન હતી. એણે જ મને તપ કરવાની તથા તેજસ્વી ને વૈભવી બનવાની પ્રેરણા પૂરી પાડી. એની અનુજ્ઞા મેળવીને હું સિદ્ધિની પ્રાપ્તિ માટે ગોકર્ણના પવિત્ર આશ્રમ પર ગયો અને મારા બીજા ભાઇઓ સાથે તપશ્ચર્યા કરવા લાગ્યો.

'તપશ્ચર્યાના કાળ દરમિયાન મારા મસ્તકને મેં વારાફરતી કાપીને અગ્નિમાં હોમવા માંડયાં. નવ મસ્તકને હોમીને દસમા મસ્તકને કાપવાની મેં તૈયારી કરી તે જ વખતે મારી પાસે બ્રહ્માજી આવી પહોંચ્યા.

( ક્રમશઃ )

## * જીવન જીવવા જેવું કેવી રીતે થાય? *

જીવનમાં અનેકવિધ ઉપાધિઓ છે. ચિંતા, ભીતિ, લાલસા, અશાન્તિ, ભ્રાંતિ તેમજ વેદના છે. એમનો અંત કેવી રીતે આવે? જે જીવન ને જગત અભિશાપરૂપે લાગે છે. એ આશીર્વાદરૂપ, દુઃખદ લાગે છે તે સુખદ કેવી રીતે લાગે? જીવવા જેવું નથી લાગતું તે જીવવા જેવું કેવી રીતે થાય? ભગવાનના શરણ, સ્મરણ, મનન, ભગવાન સાથેના સંભાષણ, ભગવાનનાં દિવ્ય દર્શન અને અનુગ્રહથી પ્રકૃતિની પ્રીતિ, મમતા અને આસક્તિવાળો જીવ સદા દુઃખી થવાનો, પરવશ, બદ્ધ, બેચેન બેહોશ બનવાનો, પ્રકૃતિના પદાર્થો, વિષયો, રૂપરંગો અને રસોનું સેવન માનવને અશાંત કરે છે. પરમપુરુષ પરમાત્માનું શરણ, સ્મરણ કે ભજન શાંતિ ધરે છે. પ્રકૃતિને પૂજીને કે ભજીને કોઇ સુખી ના થઇ શકે. પ્રકૃતિની ઉપાસનાને માર્ગે વળેલાં પશ્ચિમનાં અનેક નરનારીઓ આજે એનો અનુભવ કરી રહ્યાં છે. એ સમજવા માંડયાં છે કે પરમાત્માની ઉપાસના, પ્રીતિ તથા પ્રતિક્ષા વિના જીવનમા સાચી સુખશાંતિ, સ્થિરતા અને સંવાદિતા નહિ આવી શકે. એ જ્ઞાન, ધ્યાન તેમજ સંકીર્તનમાં રસ લે છે ને વ્યસનરહિત પવિત્ર, સંયમી જીવન જીવવાની કોશિશ કરે છે, જીવનનું એવું અભ્યુત્થાન આવકારદાયક છે. એથી જીવન વધારે ને વધારે ઉજ્જવળ, શક્તિશાળી ને ધન્ય બનશે.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# * भजस्व माम् *

ભગવાન કહે છે 'મને ભજ!' જીવનનું પરમ કલ્યાણ ભગવાનને જ ભજવામાં રહેલું છે. ભગવાનને જ ભજવામાં, સમર્પિત થવામાં, ભગવાનના થઈને રહેવામાં, ભગવાનને માટે જીવવામાં સર્વકાળે, સર્વસ્થળે સર્વેશ્વર સર્વોતરયામી ભગવાનને અનુભવવામાં, ભગવાનમાં જ આસક્ત થવામાં, ભગવાનને જ હૃદયમાં ધારણ કરવામાં. આંખદ્વારા ભગવાનને જ જોવામાં, કાનદ્વારા એને જ સાંભળવામાં, વદનદ્વારા એમનું જ ગુણકીર્તન ને શરીરથી એમની સેવા કરવામાં, જન્મોસુધી જીવે ભગવાનને ભૂલીને પ્રકૃતિના ક્ષણભંગુર પરિવર્તનશીલ પદાર્થોનું જ સેવન અને ભજન કર્યું છે તો પણ એને સંતૃષ્ટિ તથા શાન્તિ નથી મળી. હવે એ પોતાની પ્રકૃતિને ને પ્રવૃત્તિને પલટાવીને ભગવાનને ભજે તે જરૂરી છે. જીવનની સાચી સાર્થકતા એમાં સમાયેલી છે.

આખી ગીતાના મુખ્ય ઉપદેશ તરીકે એ બે શબ્દોને યાદ રાખીએ તો પણ ચાલે. **भजस्व माम्।** મને જ ભજ. એ ભજસ્વ– એટલે ભજ. એટલે હે માનવ, તું મને જ ભજ. તારું શ્રેય ચાહતો હોય તો પ્રકૃતિના પદાર્થો કે વિષયો, રંગો, રસો કે રૂપોને ના ભજતો. એમના અંતસ્તલમાં, એમની અંદર અને બહાર મારું દર્શન કરીને મને જ ભજજે. મારી સાથે જ એક બનજે.

વળી ભજસ્વ શબ્દને બદલે ફક્ત મામ્ શબ્દને યાદ રાખી શકાય. મામ્ એટલે મને–ભગવાનને. જીવન ભગવાનને માટે છે માટે ભગવાને જ અર્પણ કરવું જોઈએ. ભગવાનનું જ છે માટે ભગવાનને જ માટે જીવાવું જોઈએ. જીવનમાં એક ભગવાનને જ ધારવા જોઈએ, એવો એ શબ્દોનો સંકેત છે. યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧